S.C.No.136 OF 2015

રજુ તારીખ:૧૫–૦૪–૨૦૧૫
દાખલ તારીખ:૧૫–૦૪–૨૦૧૫
નિકાલ તારીખ:૧૫–૧૧–૨૦૧૯
અવધિ: વ. મા. દિવસ

**અરવલ્લી જીલ્લાના મહેરબાન સત્રન્યાયાધીશશ્રીની અદાલતમાં**
**મુકામ:મોડાસા**

**સેશન્સ કેસ નં.૧૩૬ સને ૨૦૧૫**
**આંક:**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિ રૂ દ્ધ**

**આરોપી** :
(૧) કનુભાઈ ગલજીભાઈ કોટવાળ,ઉ.વ.આ.૪૯ ધંધો:ખેતી,
(૨) રાકેશભાઈ કનુભાઈ કોટવાળ, ઉ.વ.આ.૧૯ ધંધો:ખેતી,
(૩) તારાબેન W/O કનુભાઈ ગલજીભાઈ કોટવાળ, ઉ.વ.આ.૪૫ ધંધો:ઘરકામ તથા ખેતી,
તમામ રહે. ઘાંટા વસવાહત (કુડોલ),તા:મોડાસા જી.અરવલ્લી

**ગુન્હો**:– ભારતીય દંડ સંહિતાની કલમ:૩૦૨,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબ...

---

શ્રી સરકાર તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રી ડી.એસ.પટેલ,
આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી એચ.એસ.પટેલ.

---

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

**આર.એ.બુખારી–ઘોઘારી**
**જે–૦૦૯૧૬**
**તા: ૧૫–૧૧–૨૦૧૯**
**: ઠ રા વ :**

**૧).** આ કામના આરોપીઓની ધરપકડ તા.૧૦–૦૧– ૨૦૧૫ ના રોજ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન (I) ગુના રજીસ્ટર નંબર:૦૦૪/૨૦૧૫ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુન્હા સબબ થયેલ છે. આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓ હાલ જયુડી.કસ્ટડીમાં છે અને આરોપી નં.૩નાઓને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીન મુકત કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓ વિરૂઘ્ધ ચાર્જશીટ તારીખ:૩૦–૦૩–૨૦૧૫ ના રોજ મોડાસાના વિઘ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. શ્રી સમક્ષ રજૂ કરવામાં આવેલ છે અને વિઘ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. શ્રી, મોડાસાની અદાલતમાં ફોજદારી કેસ નં.૮૩૭/૨૦૧૫ થી નોંધવામાં આવેલ છે. ત્યારબાદ આ કામમાં આરોપીઓને પોલીસ તપાસના કાગળો આપ્યા બાદ તેમજ આરોપીઓને તેઓના બચાવ માટે સરકારી વકીલની જરૂર છે કે કેમ? તે અંગેની ખાત્રી કરતાં આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકી બચાવ કરવા માંગતા હોવાનું જણાવેલ છે. ત્યાર બાદ સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેસન્સ અદાલતને હોઈ મોડાસાના વિ.એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રીએ

સદરહું કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ હેઠળ અત્રેની અદાલતમાં કમીટ કરેલ, તે સેશન્સ કેસ નંબર:૧૩૬ સને ૨૦૧૫ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ સદરહું કેસ ઉપરોકત મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આરોપીઓ વિરૂધ્ધ હાથ ધરવામાં આવેલ છે.

**૨).** આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા:૦૮–૦૧–૨૦૧૫ ના રોજ કલાક:૨૦/૩૦ વાગે મોજે ઘાંટા વસવાટ ગામની સીમમાં આ કામના ફરીયાદી તથા સાહેદોના ભાગે આવેલ જમીનમાં આ કામના આરોપીઓને ભાગ જોય તો હોઈ મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળે તેઓના ભાગે આવેલ જમીનમાં આ કામના આરોપીને ભાગ ન આપતાં તેની અદાવત રાખી આરોપી કનુભાઈ ગલજીભાઈ કોટવાળે તેના હાથમાંના છરા વડે તથા આરોપી રાકેશભાઈ કનુભાઈ કોટવાળનાઓએ તેમના હાથમાંથી લાકડી વડે મરણ જનાર મંગળાભાઈ ગલાભાઈ કોટવાળને માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ખુન કરી તથા તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી જીલ્લા મેજી.શ્રી, અરવલ્લીના જાહેરનામાનો ભંગ કર્યા સબબની ફરીયાદ મોડાસા રૂરલ પો.સ્ટે.માં આપવામાં આવેલ છે.

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

૩). આ કામના ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ મોડાસા રૂરલ પો.સ્ટે.ના પો.સ.ઈ.શ્રી જે.આર.ઝાલા રૂબરૂ ફરીયાદ હકીકત જાહેર કરતાં તેઓએ ફરીયાદીની ફરીયાદ લખી લઈ ગુનો રજીસ્ટર થવા સારૂ મોડાસા રૂરલ પો.સ્ટે.ના પી.એસ.ઓ.શ્રી તરફ મોકલી આપતાં તે અંગેની જરૂરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આ ફરીયાદની આગળની તપાસ પી.એસ.આઈ. શ્રીને સોંપેલ. પી.એસ.આઈ.શ્રીએ આ કામે તપાસ સંભાળ્યા બાદ, મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું ભરેલ, લાશનું શબ પરીક્ષણ કરવા મોકલી આપેલી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, મરણ જનારના કપડાં પંચનામાની વિગતે કબજે કરેલા, મુદ્દામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપેલ. ત્યારબાદ આરોપીઓ મળી આવતાં તેમની શરીર સ્થિતિનું પંચનામા કરેલા તથા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સહીતાની કલમ:૩૦૨,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુન્હા અંગેનું હાલનું ચાર્જશીટ દાખલ કરેલ.

૪). આ કામના આરોપીઓને તેમના વિરૂધ્ધના કેસના પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૨૮ અન્વયે આંક-૦૬ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ:૩૦૨,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનું મારા પુરોગામી અધિક સત્ર ન્યાયાધિશ શ્રીએ તહોમતનામું ફરમાવેલું. જે તહોમતનામું

આરોપીઓને વાંચી સંભળાવી સમજાવ્યા બાદ આંક–૦૭ થી ૦૯ આરોપીઓના નિવેદન લેતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલો અને આમ આ કેસ ઉપસ્થિત થયેલ છે. ત્યારબાદ અત્રેની અદાલત ધ્વારા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૪.૧).** આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપ મુજબનું તહોમતનામું પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખીક પુરાવો</u>**

| નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| ૧ | ડો.મૌલીકભાઈ કનુભાઈ પ્રજાપતિ–તબીબ સાહેદ | ૧૦ |
| ૨ | ભેમાભાઈ ધુળાભાઈ પુંજારા–પંચ સાહેદ | ૧૫ |
| ૩ | ચંદનસિંહ તખતસિંહ સીસોદીયા–પંચ સાહેદ | ૧૭ |
| ૪ | મહેન્દ્રભાઈ લાલાભાઈ તરાર–પંચ સાહેદ | ૧૯ |
| ૫ | અરવિંદભાઈ બબાભાઈ તરાર–પંચ સાહેદ | ૨૯ |
| ૬ | કાળાજી સોનાજી ખાંટ– પંચ સાહેદ | ૩૬ |
| ૭ | પરથીજી કાળાજી ખાંટ–પંચ સાહેદ | ૪૨ |
| ૮ | બચુભાઈ મંગળાભાઈ કોટવાલ– ફરીયાદી | ૫૨ |
| ૯ | સુરજીભાઈ થાનાભાઈ કટારા–પંચ સાહેદ | ૬૩ |
| ૧૦ | લાલાભાઈ દાનાભાઈ વણકર– પંચ સાહેદ | ૭૨ |
| ૧૧ | વિજયકુમાર જીવાભાઈ રજવાડી–પંચ સાહેદ | ૭૫ |

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

| નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| ૧૨ | પ્રવિણભાઈ મંગળાભાઈ કોટવાળ–સાહેદ | ૭૬ |
| ૧૩ | કાન્તાબેન મંગળાભાઈ કોટવાળ–સાહેદ | ૮૪ |
| ૧૪ | રણજીતભાઈ મંગળાભાઈ કોટવાળ–સાહેદ | ૮૯ |
| ૧૫ | સુચિતકુમાર ધર્મેશકુમાર સગર– સાહેદ | ૯૦ |
| ૧૬ | જગદીશસિંહ શંકરસિંહ ડાભી–સાહેદ | ૯૨ |
| ૧૭ | ક્રિષ્ણાબેન સુરેન્દ્રસિંહ ચૌહાણ–પી.એસ.ઓ. | ૯૭ |
| ૧૮ | જોરાવરસિંહ રણજીતસિંહ ઝાલા–ત.ક.અમલદાર | ૧૦૦ |

## દસ્તાવેજી પુરાવો

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | શબ પરીક્ષણ રીપોર્ટ | ૧૧ |
| ૨ | મેડીકલ ઓફીસરને લખેલ યાદી | ૧૨ |
| ૩ | એફ.એસ.એલ.માં લખેલ પત્ર | ૧૩ |
| ૪ | ઈન્કવેસ્ટ પંચનામું | ૧૬ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૦ |
| ૬ | પંચોની સહીઓ વાળી સ્લીપો | ૨૧ થી ૨૮, ૩૮,૩૯ તથા ૬૫ થી ૭૧, ૭૪ |
| ૭ | મરણ જનારના કપડાં કબજે કર્યાનું પંચનામું | ૩૭ |
| ૮ | અસલ ફરીયાદ | ૫૬ |

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૯ | આરોપીઓનું શરીર સ્થિતીનું પંચનામું | ૬૪ |
| ૧૦ | મુદ્દામાલ છરો કબજે કર્યાનું પંચનામું | ૭૩ |
| ૧૧ | ગામના નમુના નં.૮–અ તથા૭/૧૨ના ઉતારા | ૯૧,૧૧૪ ,૧૧ ૫ |
| ૧૨ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૯૩ |
| ૧૩ | પંચનામું | ૯૪ |
| ૧૪ | મામલતદારશ્રીને ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા લખેલ ચાદી | ૯૫,૯૬ |
| ૧૫ | સ્ટેશન ડાયરીનો ઉતારો | ૯૮ |
| ૧૬ | એકઝી.મેજી.શ્રીએ લખેલ ચાદી | ૧૦૧,૧૧૦ |
| ૧૭ | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર | ૧૦૨,૧૦૮ |
| ૧૮ | એફ.એસ.એલ.નો રીપોર્ટ | ૧૦૩ |
| ૧૯ | એફ.એસ.એલ.નો સીરોલોજી વિભાગનો રીપોર્ટ | ૧૦૪ |
| ૨૦ | સુચિપત્ર | ૧૦૫ |
| ૨૧ | ફરતી ન્યાય સહાયક પ્રયોગશાળાનો રીપોર્ટ | ૧૦૬ |
| ૨૨ | રવાનગી નોંધ | ૧૦૭ |
| ૨૩ | ગુજરાત પોલીસ અધિનિયમનું જાહેરનામું | ૧૦૯ |
| ૨૪ | મરણોત્તર ફોર્મ | ૧૧૧ |
| ૨૫ | લાશ સોંપ્યાની પાવતી | ૧૧૨ |
| ૨૬ | મામલતદારશ્રીની લખેલ ચાદી | ૧૧૩ |

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૨૭ | તલાટી કમ મંત્રીશ્રીને લખેલ યાદી | ૧૧૬ |
| ૨૮ | એફ.એસ.એલ.ને લખેલ પત્ર | ૧૧૭ |

૫). ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં સરકાર તરફે વિધ્વાન એડી. પી.પી. શ્રી ડી.એસ.પટેલે પુરાવો બંધ કર્યાનું આંક–૧૨૯ થી પુરસીસ આપી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરેલું.

૬). ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૩ ને અનુસરીને આરોપીઓ પોતાનો બચાવ રજુ કરવા માંગતા હોય તો તેમ કરવાનો તેમને અધિકાર છે તેની તેમને સમજ આપવામાં આવેલ. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનો વિશેષ જવાબ લેવામાં આવેલો તેમાં તેઓએ વિશેષ જવાબમાં અને તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. વિશેષ જવાબમાં જણાવેલ છે કે, તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી અને ખોટી હકીકત જણાવી તેમની સામે ખોટી ફરીયાદ કરેલ છે.

૭). બચાવપક્ષ ધ્વારા બચાવપક્ષના સાહેદ:ડો.હર્ષદકુમાર મણીલાલ ધુવાડને આંક–૧૩૬ થી તપાસવામાં આવેલા છે.

૮). આ કામે સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી ડી.એસ.પટેલ ને સાંભળ્યા.

૯). આરોપીઓ તરફે આરોપીઓના વિ.વકીલ શ્રી એચ.એસ.પટેલ ને સાંભળ્યા.

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

**૧૦).** ઉપરોકત કેસના નિર્ણય માટે મારે નીચેના મુદ્દા નકકી કરવાના રહે છે.

## // **મુદ્દા** //

(૧). શું ફરીયાદપક્ષ એ હકીકત શંકારહીત પુરવાર કરી શકે છે કે, મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે કે કેમ ?

(૨). શું ફરીયાદપક્ષ એ હકીકત શંકારહીત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીઓએ તા:૦૮–૦૧–૨૦૧૫ના રોજ કલાક: ૨૦/૩૦ વાગ્યાના સુમારે મોજે ઘાંટા વસવાટ ગામની સીમમાં ફરીયાદી તથા સાહેદોના ભાગે આવેલ જમીનમાં આરોપીઓ ને ભાગ જોઈતો હોય, પરંતુ મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળે તેઓના ભાગે આવેલ જમીનમાં ભાગ ન આપતાં તેની અદાવત રાખી આરોપી કનુભાઈ ગલજીભાઈ કોટવાળે તેમના હાથમાંના છરા પડે તથા આરોપી રાકેશભાઈ કનુભાઈ કોટવાળે તેમના હાથમાંની લાકડી વડે મરણ જનાર મંગળાભાઈ ગલાભાઈ કોટવાળને માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ખુન કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં મદદગારી કરી મંગળાભાઈ ગલાભાઈ કોટવાળનું મોત નીપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૩). શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલા છે કે, આ કામના આરોપીઓએ તા:૦૮–૦૧–૨૦૧૫ના રોજ કલાક: ૨૦/૩૦ વાગ્યાના સુમારે મોજે ઘાંટા વસવાટ ગામની સીમમાં ફરીયાદી તથા સાહેદોના ભાગે આવેલ જમીનમાં આરોપીઓ

ને ભાગ જોઈતો હોય, પરંતુ મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળે તેઓના ભાગે આવેલ જમીનમાં ભાગ ન આપતાં તેની અદાવત રાખી તમો આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો ને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ ,૫૦૬ (૨) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે ?

(૪). શું ફરીયાદપક્ષ એ હકીકત શંકારહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ:૦૮-૦૧-૨૦૧૫ના રોજ કલાક: ૨૦/૩૦ વાગ્યાના સુમારે છરો તથા લાકડી જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળને તથા ફરીયાદી તથા સાહેદોને ગંભીર ઈજાઓ કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી બોમ્બે પોલીસ એકટની કલમ: ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૫). શું હુકમ ?

**૧૧).** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧). નકારમાં,

(૨). નકારમાં,

(૩). નકારમાં,

(૪). નકારમાં,

(૫). આખરી હુકમ મુજબ.

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી-મોડાસા

## : <u>કા ર ણો</u> :

**૧૨).** ફરીયાદપક્ષ કેસની હકીકત મુજબ આ કામના આરોપીઓ એ તા:૦૮–૦૧–૨૦૧૫ ના રોજ કલાક:૨૦/૩૦ વાગે મોજે ઘાંટા વસવાટ ગામની સીમમાં આ કામના ફરીયાદી તથા સાહેદોના ભાગે આવેલ જમીનમાં આ કામના આરોપીઓને ભાગ જોય તો હોઈ મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળે તેઓના ભાગે આવેલ જમીનમાં આ કામના આરોપીને ભાગ ન આપતાં તેની અદાવત રાખી આરોપી કનુભાઈ ગલજીભાઈ કોટવાળે તેના હાથમાંના છરા વડે તથા આરોપી રાકેશભાઈ કનુભાઈ કોટવાળનાઓએ તેમના હાથમાંથી લાકડી વડે મરણ જનાર મંગળાભાઈ ગલાભાઈ કોટવાળને માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ખુન કરી તથા તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી જીલ્લા મેજી.શ્રી, અરવલ્લીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૫૦૪, ૫૦૬ (૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫મુજબના ગુનાની ફરીયાદ મોડાસા રૂરલ પો.સ્ટે.માં દાખલ થયેલ છે.

**૧૩).** સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી ડી.એસ.પટેલે તેમની દલીલમાં એવું જણાવેલ છે કે, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદી તથા સાહેદોએ તથા પંચ સાહેદોએ ફરીયાદની હકીકતને સમર્થન કરેલ

છે. સાથે સાથે તબીબી પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળેલ છે. આમ હાલના આરોપીઓએ મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળને છરા તથા લાકડી વડે ગંભીર ઈજાઓ કરી ખુન કર્યા સબબનો આક્ષેપ છે. તેવા સંજોગોમાં આરોપીઓને સમાજમાં દાખલો બેસે તેવી સખ્ત સજા કરવી જોઈએ.

**૧૪).** આ કામે બચાવપક્ષના વિધ્વાન વકીલ શ્રી એચ.એસ.પટેલે આ અદાલત સમક્ષ હકીકત અને કાયદાના મુદ્દા ઉપર ખુબ જ વિસ્તૃત રીતે દલીલ કરેલ અને તેઓએ આંક–૧૪૦ થી લેખીત દલીલો રજુ કરેલ છે. જે અદાલત ધ્વારા વંચાણે લેવામાં આવેલ છે અને તેમની દલીલોમાં મુખ્યત્વે એ હકીકત ઉપર ભાર મુકેલ છે કે, તબીબી પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં મરણ જનારના શબ પરીક્ષણમાં જે છરા વડે ઈજાઓ કરવામાં આવેલ છે તે મુજબ એક ઘા ૯ × ૨.૫. સે.મી.નો, બીજો ઘા ૫ × ૩.૦૦ સે.મી.નો, ત્રીજો ઘા ૪ ×૧ સે.મી.નો તથા ચોથા ઘા ૩ ×૧ ×૧ સે.મી.નો દર્શાવેલ છે. જયારે મુદ્દામાલ છરાની ધારની પહોળાઈ અડધા સે.મી. કરતાં ઓછી છે તે ઘ્યાને લેતાં ઉપર મુજબના અલગ અલગ પહોળાઈના ઘા મુદ્દામાલ છરાથી થઈ શકે નહી. ઘાની લંબાઈમાં ફેરફરાર આવે, પરંતુ હથીયારની પહોળાઈ કરતાં અલગ અલગ પહોળાઈના ઘા થઈ શકે નહી. જેથી મુદ્દામાલ છરાથી મરણ જનારને ઈજાઓ થયેલી નથી. આમ તબીબી પુરાવો શંકાસ્પદ બની જાય છે. વધુમાં ફરીયાદી અને આરોપીઓ

વચ્ચે અગાઉથી જમીનની તકરાર ચાલતી હતી જેથી સામ સામે અગાઉ ફરીયાદો પણ થયેલી છે. વધુમાં બનાવ રાત્રીના સમયે બનેલો છે અને બનાવ બન્યા બાદ ફરીયાદી તથા સાહેદો બનાવવાળા સ્થળે સવારે જાય છે, ત્યારે તેઓએ મરણ જનારની લાશ પડેલી જોયેલી છે. જેથી બનાવ ફરીયાદી અગર સાહેદોએ નજરે જોયેલ નથી. વધુમાં તમામ પંચનામાના પંચ સાહેદો ફરી ગયેલા છે અને તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી. વધુમાં ફરીયાદીએ પણ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે ફરીયાદ આપી તે વખતે તેઓએ છરો જોયેલો અને છરો ખેતરમાં આંબાની નજકીમાં પડેલ હતો અને તેમના પિતા પડેલ હતા ત્યાંથી છરો ૧૦૦ ફુટ જેટલો દુર પડેલ હતો અને ફરીયાદી આપી તે દિવસે તેઓએ પોલીસને આ છરો બતાવેલો અને પોલીસ આ છરો લઈ ગયેલી. જયારે તપાસ કરનાર અમલદાર ધ્વારા આંક-૭૩ વાળું મુદ્દામાલ કબજે કર્યાનું તા:૧૦-૦૧-૨૦૧૫ ના રોજ પંચનામું કરેલ છે તેમાં આરોપીએ છરો પથ્થરોમાં સંતાડેલ ત્યાંથી કાઢી આપેલાનું જણાવે છે. આમ મુદ્દામાલ છરો કબજે કર્યાના પંચનામામાં તથા ફરીયાદીના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે અને ફરીયાદી જુબાની શંકાસ્પદ જણાય આવે છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના પુરાવામાં મહત્વનો વિરોધભાસ જણાય આવતો હોય ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકારહીત પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી

મુકવા અરજ કરેલ છે. આરોપીઓના વિ.વકીલ શ્રીએ તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

(1) ABC 2013 (I) 190 SC LAHU KAMLAKAR PATIL & ANR V/S STATE OF MAHARASHTRA

(2) 2010 (0) AIJEL-SC-48438 SC Gopal Singh V/s. State of Madhya Prasdesh

(3) 2012 (0) aijel-hc 228819 Gujarat High Court, Ramilaben Jivabhai Solanki V/s. Satet of Gujarat

(4) 1996 (3) CRIMES 201 Rajasthan High Court(DB), Harish Chandra V/s. Satet of Rajesthan

(5) 2010 (0) AIJEL-SC- 48234 SC M.C.Ali V/s. State of Kerala

(6) ACR 2012 (I) SC KAILASH GOUR & ORS. V/s. STATE OF ASSAM

**મુદ્દા નંબર:૧**

**૧૫).** સૌ પ્રથમ ફરીયાદપક્ષના કેસ મુજબ મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ છે કે કેમ? તે નકકી કરવું જરૂરી છે.

**૧૬).** સૌ પ્રથમ તબીબી પુરાવાને ઘ્યાનમાં લેતાં મરણ જનાર મંગળભાઈ ગલાભાઈ કોટવાળનું શબ પરીક્ષણ કરનાર તબીબ સાહેદ ડો.મૌલીકભાઈ કનુભાઈ પ્રજાપતિને આંક–૧૦ થી તપાસવામાં આવેલા છે.

તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા:૦૯–૦૧–૨૦૧૫ ના રોજ તેઓ ટીંટોઈ પી.એચ.સી. ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે મોડાસા રૂરલ પો.સ્ટે.ના પો.સ.ઈ. ધ્વારા મંગળાભાઈ ગલાભાઈ કોટવાલની લાશ પી.એમ. માટે લાવવામાં આવેલ. જે લાશનું શબ પરીક્ષણ તે જ દિવસે સાંજના ૫/૧૦ કલાકે શબ પરીક્ષણ શરૂ કરેલ અને સાંજના ૬/૫૦ કલાકે શબ પરીક્ષણ પુર્ણ કરેલું.

**૧૬.૧)** શબનું બાહ્ય પરીક્ષણ કરતાં કપડાં લોહીની ખરડાયેલા હતા, શબનો ઉપરનો ભાગ કાળો પડી ગયેલ હતો અને ચહેરો લોહીથી ખરડાયેલ હતો, શબના માથાના ભાગે ઉભો સાર્પ કન્ટીંગ વુડ હતો. જેની સાઈઝ ૯ ×૨.૫ સે.મી. હતી, કટીંગ ઓફ જમ્બો ઓકસીપટલ ટું થી ટેમ્પોરલ બોર્ન સુધીનો ઘા હતો અને મગજ સુધી પ્રસરેલ હતો અને લોહીથી ખરડાયેલ હતો. જમણા ઓકસીપટલથી જમ્બોરલ બોર્ન સાર્પ કટીંગ વુન્ડ જેની સાઈઝ ૫ ×૩ સે.મી. મગજ સુધી પ્રસરેલી હતી અને લોહીથી ગંઠાયેલ જણાયેલ. આડુ શાર્પ કટીંગ વુન્ડ ૪ ×૧ સે.મી. અને ૧ સે.મી. ઉંડો ટી–૬ વોલ્ટીબ્રા શરીરના પાછળના ભાગે ઘા જણાયેલ હતું અને લોહીથી ગંઠાયેલ હતો, આડું શાર્પ વુન્ડ૩ × ૧ સે.મી. અને ઉડું૧ સે.મી. એલટુ વર્ટીબ્રા પેટના પાછળના ભાગે જોવા મળેલ હતુ અને લોહીથી ખરડાયેલ હતું. લાલ અને કાળા કલરનું બ્રુઈઝ ૪ ×૧ સે.મી. જમણા બટક પર જોવા મળેલ અને લાલ અને કાળા કલરનું બ્રુઈઝની સાઈઝ ૧.૫ × ૦.૫ સે.મી. ડાબા સ્કેપ્યુલરના મધ્ય

ભાગમાં ૧ × ૧ સે.મી. લાલ અને કાળુ બ્રુઈઝ જમણા સ્કેપ્યુલરના મધ્ય ભાગમાં જોવા મળેલ હતું.

**૧૬.૨)** શબની આંતરીક તપાસ કરતાં માથાના ભાગે હીમેટોમાં જમણા ઓકસીપટલ અને ટેમ્પોરલ ભાગમાં જોવા મળેલ હતા. માથાના ઉપર ખોપરીના ભાગે ઉભું કટીંગ ફ્રેકચર ૧ ×૧.૫ સે.મી. સાઈઝ હતી. જમણા ઓકસીપટલનો ટેમ્પોરલ બોર્ન સુધી જણાયેલ હતો. ઉભું કટીંગ ફ્રેકચર ૪.૧ × ૨ સે.મી.ની સાઈઝ હતી, જમણા ઓકસીપટલ જમણા ટેમ્પોરલ સુધી જણાઈ હતી. મગજ ફીકું પડી ગયેલ હતું, છાતીના ભાગે જોતાં દિવાલ, પાંસળીઓ, ફેફસાનો પડદો, શ્વાસનળી, કંઠેન્દ્રીય, જમણું ફેફસુ, ડાબુ ફેફસુ, હૃદય, મોટી રકત વાહીનીઓ વિગેરે ફીકકા પડેલા જણાયેલા. વધુમાં આ તબીબ સાહેદના અભિપ્રાય મુજબ મંગળાભાઈનું મૃત્યુ માથામાં થયેલ ગંભીર ઈજાઓના કારણે શોક અને હેમરેજ થવાના કારણે થયેલ છે. આ સાહેદને મુદ્દામાલ છરોથી તથા લાકડીઓ બતાવતાં તે માથાના ભાગે તેમજ શરીરના બીજા ભાગ ઉપર મારવામાં આવે તો આવી ઈજાઓ સંભવી શકે તેવા પ્રકારની હતી. આમ તબીબી પુરાવાથી મરણ જનાર મંગળાભાઈ ગલાભાઈ કોટવાળનું મૃત્યુ તેઓને માથાના ભાગે તથા શરીરના ભાગે થયેલ ઈજાઓના કારણે થયેલાનું સ્પષ્ટ જણાવેલ છે.

**૧૬.૩)** પરંતુ બચાવપક્ષે આ તબીબ સાહેદની જે વિગતવાર ઉલટ તપાસ કરેલ છે તે ધ્યાને લેતાં તેઓએ બચાવપક્ષની ઉલટ તપાસમાં

સ્વીકારેલ છે કે, આંક–૧૧ ના શબ પરીક્ષણ રીપોર્ટમાં ઈજાઓ કયા સમયે અને કેટલા કલાક પહેલાં થયેલ તેનો સમય બતાવવામાં આવેલ નથી, મરણ જનાર વ્યકિતનું મૃત્યુ કેટલા સમય પહેલાં થયેલ હશે તે શબ પરીક્ષણ રીપોર્ટમાં જણાવેલ નથી. વધુમાં આ સાહેદે એવી હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, જણાવેલ ઈજાઓ વાહન અકસ્માત થાય તો પી.એમ.નોટમાં જણાવેલ ઈજાઓ સંભવી શકે છે. પરંતુ આ તબકકે એ હકીકતની નોંધ લેવા જેવી છે કે, તબીબ સાહેદે તેમના શબ પરીક્ષણ રીપોર્ટમાં મરણ જનારને થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાંની છે કે મૃત્યુ પછીની છે તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી અને સાથે સાથે તબીબ સાહેદે સ્વીકારેલ છે કે, અકસ્માત થવાથી આવા પ્રકાર ની ઈજાઓ થઈ શકે. વધુમાં આ તબીબ સાહેદે તેમની બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પી. એમ. નોટના કોલમ નં.૧૮(ક) માં જો મૃત્યુ પહેલાંની ઈજા હોય તો તેની નોંધ કોલમમાં કરવામાં આવે છે. વધુમાં સ્વીકારેલ છે કે આ કોલમ નં.૧૮(ક) મૃત્યુ પહેલાંની ઈજાઓ કઈ હતી તે અંગેની કોઈ નોંધ નથી. જયારે આ તબીબ સાહેદ એ વાતનો ઈન્કાર કરે છે કે, એન્ટીમોટમ કે પોસ્ટમોર્ટમનું કોઈ તારણ કાઢેલ ન હોય કોલમ નં.૧૮(ક)ની હકીકત દર્શાવેલ નથી. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે તેઓએ પી.એમ કરેલ તે વખતે પોસ્ટમોર્ટમ કે એન્ટીમોટમની ડોકટરપરીખના મેડીકલ જયુરીશપ્રુડન્ટ પ્રમાણે માઈક્રોસ્કોપી

અને બાયોકેમીકલ અને હીસ્ટ્રોકેમીકલ પધ્ધતીથી તપાસ કરવાની હોવાની હકીકત તેમને ખબર નથી. ત્યારબાદ સ્વીકારેલ છે કે ડો.પરીખના જયુરીશપ્રુડન્ટ પ્રમાણે ગુજનાર વ્યકિતને થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાંની કે મૃત્યુ પછીની છે તે જાણવા માટે માઈક્રોસ્કોપી હીસ્ટ્રોકેમીકલ અને બાયોકેમીકલ પધ્ધતીથી કરવાની હોય છે.

**૧૬.૪)** વધુમાં આ તબીબ સાહેદને બચાવપક્ષના વિ.વકીલ શ્રી ધ્વારા ડો.પરીખનું જયુરીશપ્રુડન્ટ મુજબના પાના નં.૩૨૦ બતાવીને સવાલ પુછવામાં આવેલ છે કે ડો.પરીખના જયુરીશપ્રુડન્ટમાં જણાવેલ છે કે, "It should however that it is not quite an uncommon practice, espeicially in India to inflict wounds on a dead body to support a false chage against an enemy" ની હકીકત જણાવેલ છે તેની સાથે સંમત છો? તેના જવાબમાં તેઓએ સંમત ન હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા તેઓ શા કારણે સંમત નથી તેના જવાબમાં તબીબ સાહેદે જણાવેલ છે કે જયારે ઈરાદાપુર્વક કોઈપણ વ્યકિતને માર મારવામાં આવે અને તેનું મૃત્યુ થાય તો તેની સંપુર્ણ તપાસ પી.એમ. કરતાં માલુમ પડતી હોય છે જેથી તેઓ સંમત નથી. વધુમાં આ સાહેદ સ્વીકારેલ છે કે, પી.એમ. વખતે માઈક્રોસ્કોપી અને બાયોકેમીકલ અને હીસ્ટ્રોકેમીકલની ગુજરનારને થયેલ ઈજાઓની પધ્ધતીથી તપાસ કરેલ નથી. આ સાહેદે એ હકીકતની ઈન્કાર કરેલ છે કે તેઓની સર તપાસમાં

જણાવેલ છે કે પી.એમ.નોટના કોલમ નં.૧૭ અને ૧૮ ની ઈજાઓ એન્ટીમોટમ હતી તેવી હકીકત ઈજા અંગે નિર્ધારીત પધ્ધતીથી અનુસર્યા સિવાય ખોટું જણાવેલ છે. તેવા સંજોગોમાં મરણ જનારના શરીર ઉપર થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાંની કે પછીની છે તે હકીકત શંકાસ્પદ બની જાય છે.

**૧૭).** ઉપરોકત તબીબ સાહેદના પુરાવા સાથે આ કામે બચાવપક્ષ ધ્વારા તબીબ સાહેદ: હર્ષદકુમાર મણીલાલ ધુવાડને આંક-૧૩૬ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તેઓ એમ.બી.બી.એસ.ની ડીગ્રી ધરાવે છે અને આરોગ્ય વિભાગમાં મેડીકલ ઓફીસર તરીકે બજાવતા હતા. સને ૧૯૭૮ થી સને ૨૦૦૫ સુધી તેઓએ તબીબી સેવાઓ આપેલ છે અને પી.એમ. કરવાનો અનુભવ છે અને તેમના કાર્યકાળ દરમ્યાન તેઓને અંદાજે પાંચસો જેટલા પી.એમ. કરવાના થયા હશે. પી.એમ. કરતી વખતે શબની બાહય ઈજાઓની ઝીવટભરી તપાસ કરી તેની નોંધ કરવાની હોય છે અને તે ઈજાઓની લંબાઈ, ઉંડાઈ, પહોળાઈ તથા અન્ય જરૂરી બાબતે નોંધ કરવાની હોય છે. પી.એમ. કરનાર ડોકટરશ્રીએ શબ ઉપર થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાંની છે કે મૃત્યુ પછીની છે તે બાબતે તપાસણી કરી પી.એમ.નોટમાં નોંધ કરવી જોઈએ. તેઓને આંક-૧૯ થી રજુ થયેલ પી.એમ.નોટ જોયેલી છે. જેમાં પી.એમ.નોટના કોલમ નં.૧૮(ક)માં કોઈ વિગત લખેલ નથી. વધુમાં જણાવેલ છે કે કોઈ વ્યકિતને લાકડીથી માર મારવામાં આવે તો તબીબી

વિજ્ઞાન મુજબ તેના શરીર ઉપર લાકડીથી મારના નિશાન આવી શકે. પી.એમ. નોટના કોલમ નં.૧૭ ના લાકડીથી ઈજા થયેલ હોય તેવી ઈજાઓ નથી. તિક્ષ્ણ હથીયારથી ઈજા થાય તો હથીયારની પહોળાઈ મુજબનો ઘા સામાન્ય રીતે થાય. આ સાહેદને મુદ્દામાલ પાવતી નં.૯/૧૫નો આર્ટીકલ નં.૧ વાળો છરો બતાવવામાં આવે છે, જે જોઈને તેઓએ જણાવેલ છે કે, પી.એમ.નોટના કોલમ નં.૧૭ માં જણાવેલ ઈજાઓ છરાથી થઈ શકે નહીં. આમ મરણ જનારનું શબ પરીક્ષણ કરનાર તબીબ સાહેદ અને આ સાહેદના પુરાવા મુજબ ઈજાઓ બાબતે વિરોધાભાસ જણાય આવે છે.

**૧૭.૧)** વધુમાં આ સાહેદે વિ.એડી.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે આંક–૧૧ વાળું પી.એમ. કરનાર તબીબશ્રીની શૈક્ષણીક લાયકાત અને તેઓની શૈક્ષણીક લાયકાત સમાન છે. વધુમાં આ સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે મુદ્દામાલના છરાથી કોઈ વ્યકિત ઈજા કરે અને સામે વ્યકિત બચવા માટે પ્રયત્ન કરતી હોય તે વખતે ઓછી વત્તી ઈજાઓ થઈ શકે છે. આમ આ તબકકે એ હકીકતની નોંધ લેવા જેવી છે કે, મરણ જનારનું શબ પરીક્ષણ કરનાર તબીબ સાહેદે તેમના શબ પરીક્ષણ રીપોર્ટમાં મરણજનારને થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાંની છે કે મૃત્યુ પછીની છે તે હકીકત જણાવેલ નથી.

**૧૭.૨)** ઉપરોકત બંને સાથેના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો બંને તબીબ સાહેદોની શૈક્ષણીક લાયકાત સમાન છે અને આંક–૧૩૬

ના સાહેદ તેમની જુબાનીમાં પી.એમ. કરનાર ડોકટર શ્રીએ શબ ઉપર થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાંની છે કે મૃત્યુ પછીની છે તે બાબતે તપાસણી કરી પી.એમ. નોટમાં નોંધ કરવી જોઈએ. વધુમાં આ સાહેદ એ વાતથી સંમત છે કે, ડો.પરીખે તેમના પુસ્તકમાં ઈજાઓ મૃત્યુ પહેલાંની છે કે મૃત્યુ પછીની તેના તારણ માટે Microscopic examination, Histochemical Method, Biochemical method થી તપાસ કરવાનું હોય છે તેવું લખેલ છે અને પી.એમ. કરતી વખતે ડોકટરશ્રી કાચી નોંધ લખતા હોય છે અને પી.એમ. થયા બાદ પી.એમ.નોટના કોલમમાં વિગતો નોંધતા હોય છે. આમ આ બંને તબીબ સાહેદો નિષ્ણાત છે અને બંનેની શૈક્ષણીક લાયકાત સમાન છે. તેવા સંજોગોમાં આંક–૧૦ ના તબીબ સાહેદ: ડો. મૌલીકભાઈએ તેમની બચાવપક્ષની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પી.એમ. વખતે Microscopic examination, Histochemical Method, Biochemical method થી તપાસ કરેલ નથી. આમ શબ પરીક્ષણના કોલમ નં.૧૮ (ક) મૃત્યુ પહેલાંની ઈજાઓ કઈ હતી તે અંગેની નોંધ કરેલ નથી, તેવી હકીકત સ્વીકારેલ છે. તેવા સંજોગોમાં મરણ જનાર મંગળાભાઈ ગલજીભાઈ કોટવાળને થયેલી ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી કે મૃત્યુ પછીની હતી, તે હકીકત શંકાસ્પદ બની જાય છે. જેથી ફરીયાદ પક્ષે મંગળાભાઈ ગલાભાઈ કોટવાળના મૃત્યુ સબંધે મૃત્યુ એ સાપરાધ

મનુષ્ય વધ છે તેવી હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨</u>**

**૧૮).** આમ આગળ ચર્ચા કર્યા મુજબ આ કામે મરણ જનારનુ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ હોવાની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામાં સફળ રહેલ નથી, તેમ છતાં તહોમતદારો વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ:૩૦૨,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલું છે તે હકીકત ધ્યાને રાખી તેમજ મરણ જનારનું મૃત્યુ અકુદરતી જણાય છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાની વિસ્તૃત ચર્ચા કરી ન્યાયોચિત જણાઈ આવે છે. પરંતુ તે બાબતે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો જોતાં પહેલાં પુરાવાનું મુલ્યાંકન અંગેના કેટલાક અગત્યના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ મહત્વની હકીકતો ધ્યાનમાં લેતાં, નામદાર સુપ્રિમ કોર્ટે અને નામદાર ગુજરાત હાઈકોર્ટના એક કરતાં વધારે ચુકાદામાં એ હકીકત પ્રસ્થાપિત કરેલ છે કે, ફરીયાદપક્ષ ધ્વારા જે સાહેદ તપાસવામાં આવે તે સાહેદનો પુરાવો માનવા લાયક છે કે કેમ? તેમજ જે હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલ છે તે વિશ્વસનીય છે કે કેમ? તે બાબત સૌથી વધારે મહત્વની છે. <u>ફરીયાદપક્ષના પુરાવામાં સામાન્ય વિરોધાભાસ ફરીયાદપક્ષના કેસ ને કોઈપણ રીતે વિપરીત અસર કરતો નથી. કેટલીક વખત પ્રામાણિક</u>

અને સાચું બોલનાર સાહેદ પણ અન્ય સાહેદો કરતાં કોઈ હકીકત જુદી જણાવતા હોય પણ તે ફરીયાદપક્ષના કેસની મહત્વની હકીકતો સાથે સંકળાયેલ ના હોય ત્યારે આવી જુદી હકીકતથી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને વિપરીત અસર થતી નથી. સાહેદના પુરાવાનું મુલ્યાંકન માનવીય અભિગમથી કરવું જોઈએ. જો ફરીયાદપક્ષનો એક સાહેદનો પુરાવો વિશ્વસનીય અને માનવા લાયક હોય અને તેના પુરાવાથી હકીકત પુરવાર થઈ હોય તેવા ઉપર ભરોસો રાખી શકાય તેમ હોય ત્યારે બીજા સાહેદો ધ્વારા પણ એ હકીકત પુરવાર થવી જોઈએ તેવું જરૂરી નથી.

**૧૯).** આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. તેવા સંજોગોમાં ૨૦૦૭(૧) જી.એલ.આર. પાના નં. ૯૯, જયંતીભાઈ કુબેરદાસ શર્મા વિ. સ્ટેટ ઓફ ગુજરાત ઉપરના ચુકાદામાં એવું સ્પષ્ટ રીતે ઓબ્ર્ઝવ કરવામાં આવેલું છે કે, અદાલતોને તેમની સમક્ષ જુબાની આપનાર સાહેદની સમજ શકિતના લેવલને જોઈને પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ. તે જ રીતે સાથે સાથે ૨૦૦૩ એસ. એ.આર.પાના નં.૨૧૭ ઉપરના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલું છે કે, જયારે સાહેદના પુરાવામાંથી વિશ્વાસ ઉત્પન્ન થતો ના હોય ત્યારે એવા પુરાવા ઉપર આધાર રાખી સજા થઈ શકે નહીં.

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

**૨૦).** એ હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી કે, હાલના આરોપીઓ સામે ફરીયાદપક્ષ તરફથી જે આક્ષેપ છે તે નિર્વિવાદ રીતે અતિગંભીર, ઘૃણાસ્પદ ગુના બાબતે છે. ફરીયાદી તથા સાહેદોના ભાગે જમીનમાં આરોપીઓને ભાગ જોઈતો હોઈ મરણ જનાર મંગળાભાઈએ તેઓના ભાગે આવેલ જમીનમાં ભાગ ન આપતાં તેની અદાવત રાખી આરોપી નં.૧ કનુભાઈ ગલજીભાઈ કોટવાળે તેમના હાથમાંના છરા વડે માથાના ભાગે તથા શરીર ઉપર ગંભીર ઈજાઓ કરી તથા આરોપી નં.૨ રાકેશભાઈ કનુભાઈ કોટવાળે તેમના હાથમાંની લાકડી વડે મરણ જનાર મંગળાભાઈને માર મારી ગંભીર ઈજાઓ કરે ખુન કરી મરણ જનારનું મોત નીપજાવી તેમજ આરોપી નં.૩ તારાબેને ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ તે બનાવ તેની જગ્યાએ ખુબ જ ગંભીર છે અને તેને કદીપણ હળવાશથી લઈ શકાય નહીં અને બીજી તરફે એ હકીકતની પણ ગંભીરતાથી નોંધ લેવા જેવી છે કે, કાનુનશાસ્ત્ર મુજબ જયાં સુધી કોઈ વ્યકિતને જે તે ગુનામાં ગુનેગાર ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવા પાત્ર છે. હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે જોવામાં આવે અને તેનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ મુખ્યત્વે આ કામના ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોના પુરાવા ઉપર

આધાર રાખે છે તેવા સંજોગોમાં સૌથી પ્રથમ એ પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવું જરૂરી છે.

**૨૧).** ફરીયાદપક્ષ ધ્વારા મહત્વના ફરીયાદી:બચુભાઈ મંગળાભાઈ કોટવાળને આંક–પર થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મરણ જનાર મંગળાભાઈ ગલાભાઈ કોટવાળ તેઓના પિતા થાય છે. બનાવ તા:૦૮–૦૧–૨૦૧૫ ના રોજ બનેલો. બનાવના દિવસે તેમના માતાપિતા ઘઉંના ખેતરમાં પાણી વાળતા હતા અને તેમની માતા ખેતરમાંથી ઘરે આવેલા, ત્યાર પછી તેમના પિતા અને કાકા વચ્ચે ઝગડો થયેલ. જે સાંભળી તેઓ જોવા માટે બેટરી લઈ ખેતરમાં ગયેલા અને સમયે આશરે આઠ સાડા આઠ વાગ્યાનો સમય થયેલ હોય અને તેઓ તથા તેમના ભાઈ પ્રવિણભાઈ તથા તેમની માતા એમ ત્રણે જતા ખેતરમાં ગયેલા અને ત્યાં જઈને જોતાં તેમના કાકા કનુભાઈ તથા રાકેશભાઈ કનુભાઈ તથા તારાબેન કનુભાઈનાઓ તેમના પિતાને માર મારતા હતા અને તેમના કાકાના હાથમાં છરો હતો અને રાકેશના હાથમાં લાકડી હતી અને તારાબેનના હાથમાં પણ લાકડી હતી અને તેઓ પહોંચ્યા ત્યારે તેમના પિતાને હથીયાર વડે મારતા હતા અને તેઓ પહોચ્યા ત્યારે આ માણસો તેમના ઘર તરફ પણ માર મારવા માટે આવેલા. જેથી તેઓ મારની બીકના કારણે ઘર તરફ ભાગેલા અને તેઓએ સવારે તે જગ્યાએ આવીને જોયેલ તો તેમના પિતા મરણ હાલતમાં હતા અને તેઓને માથાના પાછળના ભાગે લાંબા તથા ઉંડા

ઘા પડેલ હતા અને પાછળના ભાગે માર મારેલ હતો અને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી હતી. જેથી તેઓએ પોલીસ સ્ટેશને જાણ કરેલી. આ ઝગડો વધારાની જમીન તેમની પાસે છે તે બાબતે અદાવત રાખી ઝગડો કરી માર મારી તેમના પિતાનું મોત નીપજાવેલ છે. તેઓએ બનાવની ફરીયાદ આપેલી તે આંક–પ૬ થી રજુ કરેલ છે.

**૨૧.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં આ સાહેદ તેમની સર તપાસમાં જ જણાવે છે કે, તેમના પિતા અને કાકા વચ્ચે ઝગડો થયેલો જે સાંભળી જોવા માટે તેઓ બેટરી લઈ ખેતરમાં ગયેલા અને તે વખતે આઠ સાડા આઠ વાગ્યાનો સમય થયેલ હશે. ત્યારબાદ આ સાહેદ જણાવે છે કે, તેઓ તથા તેમના ભાઈ પ્રવિણભાઈ તથા તેમની માતા ત્રણે જણા ગયેલા અને ત્યાં જઈને જોતાં તેમના કાકા કનુભાઈ તથા રાકેશભાઈ કનુભાઈ તથા તારાબેન કનુભાઈનાઓ તેમના પિતાને માર મારતા હતા તેમના કાકાના હાથમાં છરો હતો અને રાકેશભાઈ તથા તારાબેનના હાથમાં લાકડીઓ હતી અને ત્યારબાદ તેઓની તરફ મારવા આવેલા જેથી તેઓ મારની બીકના કારણે ઘર તરફ ભાગેલા અને તેઓએ સવારે જઈને જોયેલ તો તેઓના પિતા મરણ હાલતમાં હતા. આમ જયારે બનાવ રાતના આઠ વાગ્યાની આસપાસ બનેલો છે અને બનાવ સમયે તેઓ હાજર હતા અને મરણ જનાર મંગળાભાઈને આરોપીઓ માર મારતા હતા, તેમછતાં તેઓ ત્યાંથી ભાગી ગયેલ અને ત્યારબાદ તેઓ બનાવવાળા સ્થળે સવારે આવેલા અને રાત્રી

દરમ્યાન તેઓની પાસે ફરીયાદ કરવા અગર તો પોલીસને જાણ કરવા પુરતો સમય હતો તેમછતાં તેઓએ કોઈપણ જગ્યાએ ફોન કરીને અગર તો તેમના પિતાને માર મારતા હતા તે સમયે કોઈપણ જાતની બુમાબુમ કરી માણસોને બોલાવેલા નથી તેઓને તેમના પિતાને છોડવવા માટે કોઈ જ પ્ર યત્ન કરેલો નથી. જેથી આમ જયારે પોતાના સગા પિતાને મોતના મુખમાં જોઈ બે જુવાનજોધ પુત્ર ભાગી જાય અને તેમને બચાવવાના પ્રયત્ન રૂપે કોઈની મદદ મેળવવા માટે પણ સંપર્ક કરે નહીં તે વર્તણુંક સામાન્ય માનવીના પ્રેમ અને લાગણીના સ્વભાવથી વિપરીત જણાય છે. તેથી આ હકીકતો શંકાસ્પદ જણાય છે.

**૨૧.૨)** વધુમાં આ સાહેદે તેમની બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓને ટીંટોઈ આઉટ પોસ્ટ લાગે છે અને તેનું મુખ્ય પોલીસ સ્ટશન મોડાસા છે, હાલની ફરીયાદ કરી તે પહેલાં પણ તેમને પો.સ્ટે.માં આવવા જવાનું થતું હતું, દિનેશભાઈ કોટવાળ પો.સ્ટે.માં જમાદાર છે તેમને ઓળખે અને તેમની જ્ઞાતિના છે અને બનાવ વખતે તેમની નોકરી મોડાસા રૂરલ પો.સ્ટે.માં હતી, ટીંટોઈ આઉટ પોસ્ટના જમાદારને ઓળખે છે અને બનાવ અંગેની ફરીયાદ ૯મી તારીખે સવારમાં કરેલી અને તે દિનેશભાઈ કોટવાળને ઘરેથી કુડોલ ઘાંટાથી ફોન કરીને કહેલ છે, ફોનમાં તેમના પિતાને મારી નાંખેલ છે. આમ આ સાહેદના પુરાવામાંથી એ હકીકત ફલીત થાય છે કે, તેઓને અવાર નવાર મોડાસા રૂરલ પો.સ્ટે.માં

જવાનું થતું હતું, મોડાસા રૂરલના જમાદાર દિનેશભાઈને તેઓ ઓળખે છે અને તેમનો મોબાઈલ નંબર તેમની પાસે છે અને તેઓ ટીંટોઈ આઉટ પો.સ્ટના જમાદારને પણ ઓળખે છે. આમ કહેવાતો બનાવ રાતના આઠ વાગ્યાની આસપાસ બનેલો છે તેમ છતાં ફરીયાદી/સાહેદે બનાવ બન્યા બાદ પો.સ્ટે.માં જાણ કરવા માટે પુરતી સગવડ હોવાછતાં જે તે સમયે ફોન કરીને જાણ કરેલી નથી તેથી પણ આ સાહેદની વર્તણુંક પણ શંકાસ્પદ બની જાય છે.

**૨૧.૩)** એટલું જ નહીં આ કામે બનાવની ફરીયાદ બીજા દિવસે એટલે કે તા:૦૯–૦૧–૨૦૧૫ ના રોજ બનાવના સ્થળે કલાક:૧૩/૪૫ વાગે આપવામાં આવેલ છે. આમ બનાવ આગલા દિવસના રાતના આઠ વાગ્યાનો બનેલો છે અને તેની જાણ સવારે મોડાસા રૂરલ પો.સ્ટે.ના જમાદાર દિનેશભાઈને સવારના આઠ વાગે ફોન કરેલો છે તેમછતાં બનાવની ફરીયાદ બપોરના પોણા બે વાગ્યાની આસપાસ આપવામાં આવેલ છે તે હકીકત પણ શંકાસ્પદ જણાય છે. વધુમાં આ સાહેદે એવી હકીકત પણ જણાવેલ છે કે ફરીયાદ કરતાં પહેલાં ગામમાં પોપટભાઈ ગલજીભાઈ કોટવાળ, મરતાભાઈ સીંગાભાઈ કોટવાળ, અજીતભાઈ સીંગાભાઈ કોટવાળ, કકવાભાઈ નાનજીભાઈ કોટવાળ, નરેશભાઈ કાનજીભાઈ કોટવાલ, સોમાભાઈ થાવરાભાઈ કોટવાળ, બંસીભાઈ નાનજીભાઈ ખરાડી, કિરણભાઈ નાનજીભાઈ ખરાડનાઓને ઘેર ઘેર જઈ જાણ કરેલી અને તે

લોકો હયાત છે. પરંતુ આ લોકોને રાતે કોઈ ફોન કરેલ નથી. આ તબકકે એ હકીકતની ગંભીરતાથી નોંધ લેવા જેવી છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ રાતના આઠ વાગ્યાની આસપાસ બનેલો છે અને સ્વાભાવિક રીતે તે સમયે ગામના લોકો જાગતા હોય છે, ત્યારે ફરીયાદીએ ગામના લોકોને તે સમયે કેમ જાણ નહીં કરેલ તે હકીકત પણ શંકાસ્પદ છે. એટલું જ નહીં ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત સાહેદો પૈકી અમુક સાહેદોના નીવેદનો લેવામાં આવેલા છે અને અમુક સાહેદોના નિવદનો લેવામાં આવેલ નથી. જે સાહેદોના નીવેદનો લેવામાં આવેલ છે તેઓને તપાસવામાં આવેલા નથી. વધુમાં આ સાહેદે સ્વૈચ્છાએ જણાવેલ છે કે, તેમના ઘર અને આરોપીઓના ઘર વચ્ચે ૧૫૦ મીટરનું અંતર છે. આમ જયારે ફરીયાદીના કથન મુજબ આરોપીઓ તેમના પિતાને માર મારતા હતા અને તેઓ ગયેલા ત્યારે આરોપીઓ તેમને માર મારવા તેમની પાછળ આવેલા, જેથી તેઓ દોડીને તેમના ઘર તરફ આવી ગયેલા. આમ જયારે આરોપીઓના ઘર માત્ર તેમના ઘરથી ૧૫૦ મીટરના અંતરે હોય તો સ્વાભાવિક રીતે આરોપીઓ તેમના ઘર સુધી આવી શકયા હોત અને તેઓને માર મારેલ હોત પણ તેવું બનેલ નથી. તેવા સંજોગોમાં આ સાહેદનો પુરાવો શંકાસ્પદ જણાય આવે છે.

**૨૧.૪)** વધુમાં આ સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, તેઓને અચાનક જવાનું હોય તો ખાનગી વાહન લઈને જાય છે અને તેમના ગામમાં જીપ ગાડીઓ કેટલાક ઈસમો પાસે અને ઓચીતું જવાનું

હોય તો જીપ ગાડી લઈને જાય છે. આમ જયારે તેઓને અચાનક જવાનું હોય તો તેઓ જીપ ગાડી લઈને જાય છે, ત્યારે બનાવ સમયે તેમના પિતાને આરોપીઓએ માર મારેલ હોય અને તેઓએ બનાવ જોયેલ હોય તો તેઓએ તાત્કાલીક જીપ ગાડી મંગાવી તેમના પિતાને સારવાર માટે લઈ ગયેલ હોત. એટલું જ નહીં તેઓએ બનાવ નજરે જોયેલ હોત તો તેઓ તાત્કાલીક જીપ અગર તો કોઈપણ વાહન લઈને પો.સ્ટે.માં પણ જઈ શકેલ હોત. પરંતુ તેમ બનેલ નથી. વધુમાં આ સાહેદે સ્વીકારેલ છે કે તેઓએ તેમના પિતાને બચાવવા માટે અગર તો છુટા પાડવા માટે ગયેલા નથી, બુમો પાડીને કોઈને ભેગા કરેલા હોય તેવું બનેલ નથી અને તેમના ઘરેથી તેમના મોટા બાપા સુરજીભાઈના ત્યાં જવું હોય તો પાંચ મીનીટમાં જવાય છે અને તેમના સમાજમાં કોઈ આપત્તીજનક બનાવ બને તો નગારૂ વગાડે અને સાંભળી બધા ભેગા થઈ જતા હોય છે. પરંતુ આ બનાવ વખતે ફરીયાદી અગર તો સાહેદોએ કોઈ બુમ પાડેલ નથી કે તેમના પિતાને બચાવવા ગયેલ હોય તેવું બનેલ નથી અગર તો તેઓએ ઢોલ વગાડીને પણ માણસો ભેગા કરેલ નથી. આમ આ તબકકે પણ ફરીયાદીનો પુરાવો શંકાસ્પદ બની જાય છે. કારણ કે, જયારે તેમના પિતાને આરોપીઓ મારતા હોય અને તેઓ બચાવવા ના જાય અગર તો બુમો ના પાડે તે હકીકત પણ શંકાસ્પદ બની રહે છે. વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસ સ્ટેશનથી તેમના ઉપર ફોન બીજા દિવસે સવારે નવ વાગે આવેલા હતો અને પોલીસ

સ્ટેશનથી દિનેશભાઈ કોટવાળનો ફોન આવેલ અને તેમની સાથે વાત થયેલી અને દિનેશભાઈએ ફોન ઉપર તેમના પિતા કયાં છે તેવું પુછેલું. આમ જયારે બીજા દિવસે તેમના ઉપર પોલીસ સ્ટેશની ફોન આવેલ છે અને તેમના પિતા વિશે પુછપરછ કરેલ છે ત્યારે તેઓએ પોલીસને રાત્રે જાણ કરેલ ના હોય તો પોલીસને બનાવની કેવી રીતે જાણ થઈ તે પણ શંકાસ્પદ જણાય આવે છે.

**૨૧.૫)** વધુમાં આ સાહેદે તેમની બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવ વખતે તેમનાી ઘરની આશરે સોએક ફુટ જેટલું ચાલતા ગયેલા અને સ્થળ ઉપરથી તરત જ પાછા આવેલા અને તે ઈજાની જે વાત કરે છે તે તેમને સવારે ખબર પડેલી. આમ જયારે ઈજાની તેઓને સવારે ખબર પડેલી હોય ત્યારે તેઓએ બનાવ રાત્રીના સમયે જોયેલ હોય અને આરોપીઓએ તેમના પિતાને જે હથીયારથી ઈજા કરેલી હોય તેઓએ જોયેલ હોય તે હકીકત પણ શંકાસ્પદ બની રહે છે. એટલું જ નહીં આ સાહેદે એવી હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,બનાવના દિવસે વાદળવાળું વાતાવરણ હતું અને અંધારૂ હતું અને ધુમ્મસવાળું વાતાવરણ હતું. આમ જયારે બનાવ સમયે અંધારૂ હોય ત્યારે હાલના આરોપીઓ તેમના પિતાને માર મારતા હોય અને છરા વડે તથા લાકડી વડે આરોપીઓ મારતા હતા અને તેમના કહેવા મુજબ તેઓ સોએક ફુટ સુધી ગયેલા અને પછી ત્યાંથી પાછા તેના ઘરે આવી ગયેલા છે ત્યારે હાલના આરોપીઓ જ તેમના

પિતાને માર મારતા હતા અને તેઓને માર મારતા જોયેલા તે હકીકત પણ શંકાસ્પદ જણાય છે.

**૨૧.૬)** આ સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે આ છરાથી ઘા કરવામાં આવે તો મારનારના શરીર અને કપડાં પણ લોહીના છાંટા ઉડવાની શકયતા છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ છરો મારનાર કનુભાઈ ગલજીભાઈના કપડાં પોલીસે તપાસ અર્થે કબજે કરેલા છે અને તે તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલા છે તે એફ.એસ.એલ.નો રીપોર્ટ આંક-૧૦૩ થી રજુ કરેલ છે તેમાં કોઈપણ આરોપીઓના કપડાં ઉપરની રૂધિરની હાજરી મળી આવેલ નથી. વધુમાં આ સાહેદના પુરાવા મુજબ તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદ આપી તે વખતે છરો તેઓએ જોયેલો અને છરો ખેતરમાં આંબાની નજીકમાં પડેલ હતો અને તેમના પિતા પડેલ હતા ત્યાંથી છરો સો ફુટ જેટલો દુર પડેલો હતો અને ફરીયાદ આપી તે દિવસે તેઓએ પોલીસને છરો બતાવેલ અને પોલીસ છરો લઈ ગયેલી. આમ ફરીયાદીના કથન મુજબ ફરીયાદ આપી તે જ દિવસે પોલીસને તેઓએ છરો બતાવેલ અને પોલીસ છરો લઈ ગયેલ છે. જયારે આ કામે મુદ્દામાલ છરો કબજે કર્યાનું આંક-૭૩ પંચનામાનામાં આરોપી કનુભાઈ ગલજીભાઈએ તા:૧૦-૦૧-૨૦૧૫ ના રોજ ડુંગરમાં સંતાડેલ ત્યાં કાઢી બતાવી આપેલ છે. આમ જયારે ફરીયાદીએ ફરીયાદ આપી તે જ દિવસે છરો કબજે કર્યાનું જણાવે છે ત્યારે બીજા દિવસે પંચનામું કરી પોલીસે છરો

કબજે કરેલાની હકીકત પણ શંકાસ્પદ બની જાય છે. એટલું જ નહીં મુદ્દામાલ છરો કબજે કર્યાના ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ:વણકર વાલાભાઈ દાનાભાઈ તથા બીજા પંચ સાહેદ:વિજયકુમાર જીવાભાઈ રજવાડી અનુક્રમે આંક–૭૨ તથા આંક–૭૫ થી તપાસવામાં આવેલા છે અને તેઓ બંને પંચ સાહેદો આંક–૭૩ ના મુદ્દામાલ છરો કબજે કર્યાના ડીસ્કવરી પંચનામાની વિગતોને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આમ ફરીયાદીના પુરાવામાં તથા પંચ સાહેદોના પુરાવામાં પણ મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે. તેવા સંજોગોમાં ફરીયાદીનો પુરાવો શંકાસ્પદ બની રહે છે.

**૨૨).** ફરીયાદપક્ષ ધ્વારા મરણ જનારના બીજા પુત્ર અને ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર સાહેદ: પ્રવિણભાઈ મંગળાભાઈ કોટવાળને આંક–૭૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પણ ફરીયાદીની જુબાની મુજબ પુરાવો આપેલ છે. બનાવના દિવસે તેમના માતા પિતા ખેતરમાં પાણી વાળવા માટે ગયેલા હતા અને તેઓ ઘરે હતા અને આશરે આઠેક વાગે તેમની માતા ઘરે આવેલી જે રસોઈ બનાવવા માટે આવેલી અને તેવામાં તેમના પિતાજી અને તેમના કાકા વચ્ચે ઝગડવાનો અવાજ તેઓએ સાંભળેલો. તેથી તેઓ, બચુભાઈ તથા તેમની માતા એમ ત્રણે જણા ખેતર બાજુ અવાજ આવતો હતો તે બાજુ ગયેલા અને તેઓએ બેટરીના લાઈટના અજવાળે જોયેલ તો તેમના કાકા

કનુભાઈ તેમના હાથમાંનો છરો તેમના પિતાજીને મારી રહયા હતા અને ત્યાં તારાબેન અને રાકેશભાઈ પણ હતા અને રાકેશભાઈના હાથમાં લાકડી અને તારાબેનના હાથમાં પણ લાકડી હતી અને તેઓ કહેતા હતા કે, ''વધારાની ખરાબાની જમીન અમને આપી દો અને બહાર નીકળી જાવ'' તેવો ઝગડો કરેલો અને તે લોકો તેમના પિતાજીને કનુભાઈએ છરો મારી રહયા હતા અને રાકેશભાઈ તથા તારાબેન લાકડીથી મારી રહયા હતા. તે વખતે તેઓ પિતાજીને છોડાવવા જતા હતા ત્યારે આ લોકો તેમની તરફ હથીયારો લઈને દોડી આવતા હતા તેથી તેઓ બીકના ભયથી તેમના ઘર તરફ નાઠેલા અને બીજા દિવસે સવારે પોલીસને જાણ કરેલી અને બીજા દિવસે કનુભાઈના ઘર પાસે તેમના બાપુજીને પડેલા જોયેલા અને તેમના પિતાને માથાના ભાગે છરાના બે ઘા ની ઈજાઓ અને એક ઘા પીઠ પાછળ થયેલ જોવા મળેલ અને તે મરણ ગયેલી હાલતમાં હતા. બનાવની ફરીયાદી પોલીસમાં બચુભાઈએ આપેલી.

**૨૩).** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ફરીયાદ કરવા પોલીસ સ્ટેશને ગયેલા તે અંદાજીત નવ વાગે ગયેલા. ફરીયાદ આપવા માટે બચુભાઈ અને તેઓ ગયેલા અને પોલીસ સ્ટેશને તેઓ જીપમાં ગયેલા અને ટીંટોઈ આઉટ પોલીસ ચોકીમાં ગયેલા અને ટીંટોઈથી પાછા ઘરે ગયેલા અને ટીંટોઈ આઉટ પોલીસ સ્ટેશન એક કલાક જેટલું રોકાયેલા, ત્યાં દિનેશભાઈ જમાદારને

મળેલા અને તેઓ નોકરીમાં ટીંટોઈ ઓ.પી.માં આવ્યા ત્યારથી ઓળખે છે. જયારે આ ફરીયાદી તેમની આંક–પરની જુબાની દરમ્યાન ઉલટ તપાસમાં પોલીસ આવ્યા પછી સ્થળ ઉપર પી.એસ.આઈ.એ તેમની રૂબરૂ ફરીયાદ લખેલી છે. એટલું જ નહીં આ સાહેદના કથન મુજબ ટીંટોઈ આઉટ પોસ્ટમાં એક કલાક જેટલું રોકાયેલા છે તેમ છતાં તેઓએ બનાવની ફરીયાદ આપેલી નથી. વધુમાં આ સાહેદ તેમની બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેમના બાપુજીને સવારે સાતેક વાગે અજવાળું થયુ ત્યારે જોયેલા અને તેમના પિતાને ઈજાઓ થયેલી તે પોલીસ આવ્યા પછી જોયેલી, પોલીસ સવારે દશ વાગે આવેલી અને પોલીસ સાંજે પાંચ વાગ્યા સુધી રોકાયેલી. જયારે ફરીયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, પોલીસને ફોન કર્યો એટલે પોલીસ આશરે બાર વાગે આવેલી. વધુમાં જણાવે છે કે જે છરાની વાત કરે છે તે તેઓએ પોલીસને તે દિવસે બતાવેલ. આમ આ સાહેદના પુરાવા મુજબ પણ ફરીયાદ આપી તે જ દિવસ પોલીસને તેઓએ છરો બતાવેલ છે. વધુમાં ફરીયાદી તેમના પુરાવામાં ટીંટોઈ આ.પો.માં ગયેલા હોય અને ત્યાંથી પાછા આવ્યા હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. આ સાહેદ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બેટરીના અજવાળે જોયેલ તો તેમના કાકા કનુભાઈ તેમના હાથમાંનો છરો તેમના પિતાજીને મારી રહયા હતા અને ત્યાં તારાબેન અને રાકેશભાઈ હતા અને તેમની હાથમાં લાકડીઓ હતી અને તે વખતે તેઓ તેમના

પિતાજીને છોડાવવા જતા હતા ત્યારે તેઓ હથીયારો લઈ દોડીને તેમની તરફ આવતા હતા, જેથી તેઓ બીકના માર્યા તેમના ઘર તરફ નાઠેલા. જયારે ફરીયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરેથી સોએક ફુટ જેટલું ચાલતા ગયેલા અને સ્થળ ઉપરથી તરત જ પાછા આવેલા. આમ આ સાહેદના પુરાવામાં અને ફરીયાદીના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે. આ તબકકે એ હકીકતની નોંધ લેવા જેવી છે કે, આ સાહેદના કથન મુજબ તેઓએ બેટરીના અજવાળે જોયેલ તો તેમના પિતાને તેમના કાકા કનુભાઈ તેમના હાથમાંનો છરો મારી રહયા હતા અને તેના પિતાને છોડાવવા જતા હતા અને ત્યારે આરોપીઓ હથીયારો લઈ દોડીને આવતા હતા જેથી તેઓ તેમના ઘર તરફ નાઠેલા. પરંતુ ત્યારબાદ ફરીયાદી અગર તો સાહેદોએ મરણ જનાર બાબતે તે દિવસે રાતના આઠ વાગે બનાવ બનેલો છે તેમછતાં તેઓએ બુમાબુમ કરેલ હોય કે પોલીસને જાણ કરેલ હોય તેવું બનેલ નથી અને ત્યારબાદ તેઓએ બીજા દિવસે સવારે જ તેમના પિતા મરણ ગયેલી હાલતમાં જોયેલા છે. આમ જયારે આગળ ચર્ચા કર્યા મુજબ પોતાના સગા પિતાને મોતના મુખમાં જોઈ બે જુવાનજોધ પુત્ર ભાગી જાય અને તેમને બચાવવાના પ્રયત્નરૂપે કોઈની મદદ મેળવવા માટે પણ સંપર્ક કરે નહીં તે વર્તણુંક સામાન્ય માનવીના પ્રેમ અને લાગણીના સ્વભાવથી વિપરીત જણાય છે. તેવા સંજોગોમાં આ સાહેદનો પુરાવો શંકાસ્પદ બની રહે છે.

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

**૨૩.૧)** વધુમાં આ સાહેદે તેમની બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ તથા તેમના ભાઈ ફરીયાદ આપી તે અગાઉ ટીંટોઈ આઉટ પોલીસ સ્ટેશનમાં ગયેલા અને ત્યાં ફરીયાદ લખાવેલી ન હતી, તેમના ભાઈ જે જમાદાર સાથે વાત કરેલ તે પોલીસ ચોકી બહાર ઉભા રહીતે કરેલી તે વખતે તેઓ તેમની સાથે હતા, તેમના ભાઈએ જે વાતચીત કરેલી તે જમાદાર દિનેશભાઈ કોટવાળ હતા અને દિનેશભાઈ કોટવાળને બનાવની વાત કરેલી અને ટીંટોઈ આઉટ પોલીસ સ્ટેશથી સાથે ઘરે આવેલા અને દિનેશભાઈએ ઘરે આવવા માટેની વાત કરેલી, દિનેશભાઈ કોટવાળ બનાવવાળા સ્થળ ઉપર આવેલા અને દિનેશભાઈ કોટવાળ તેઓ ટીંટોઈથી ઘેર પહોંચે તે પહેલાં સ્થળ ઉપર આવી ગયેલા અને તેઓ મોટર સાયકલ ઉપર બીજા કોન્સ્ટેબલ મોહનસિંહ સાથે આવેલા અને બનાવવાળી જગ્યાએ આશરે સાડા અગીયારની વચ્ચે આવેલા. આમ ફરીયાદ કરતાં અગાઉ ટીંટોઈ આઉટ પો.સ્ટે.ના જમાદાર અને કોન્સ્ટેબલ બનાવવાળા સ્થળ ઉપર આવી ગયેલા છે તેમ છતાં ફરીયાદીએ ટીંટોઈ આ.પો. ગયેલા ત્યાં પણ ફરીયાદ આપેલી નથી અને ત્યારબાદ ટીંટોઈ આ.પો. જમાદાર બનાવવાળા સ્થળ ઉપર આવી ગયેલા ત્યાં પણ તેઓએ ફરીયાદ આપેલ નથી. આમ ટીંટોઈ આ.પો.માં અગર તો ટીંટોઈ આ.પો. જમાદાર બનાવવાળા સ્થળ ઉપર આવી ગયેલા છે તેમ છતાં ફરીયાદીએ ફરીયાદ આપેલ નથી તે હકીકત પણ ફરીયાદપક્ષના

કેસને નબળો બનાવે છે. વધુમાં આ સાહેદે ફરીયાદીના પુરાવા મુજબની જ હકીકતો જણાવેલ છે અને ફરીયાદીના પુરાવામાં તમામ ચર્ચાઓ કરવામાં આવેલ છે. જેથી પુનરાવર્તન ના થાય તે માટે આ સાહેદના પુરાવામાં ફરીથી તેની ચર્ચા કરવામાં આવેલ નથી.

**૨૪).** તેવી જ રીતે ફરીયાદપક્ષના કથન મુજબ બનાવ નજરે જોનાર સાહેદ અને મરણ જનારના પત્ની સાહેદ: કાંન્તાબેન મંગળાભાઈ કોટવાળ ને આંક-૮૪ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ રાત્રીના આશરે ૮/૩૦ વાગે બનેલ અને બનાવના દિવસે તેણી તથા તેના પતિ બંને ઘઉંને પાણી આપતા હતા અને પછી તેણીની જમવાનું બનાવવા ઘરે ગઈ હતી અને તેણીના પતિ પાણી વાળતા હતા અને તેમના ખેતર બાજુ બુમાબુમનો અવાજ થતાં બત્તી લઈ તેઓ તથા બચુભાઈ તથા પ્રવિણભાઈ ત્રણ જણા તેના ખેતર બાજુ ગયેલા અને ત્યાં પહોંચ્યા ત્યારે તેમના દિયર કનુભાઈ ગલજીભાઈ, રાકેશભાઈ અને તારાબેન તેમના પતિને માર મારતા હતા. કનુભાઈના હાથમાં છરો હતો અને રાકેશભાઈ તથા તારાબેનના હાથમાં લાકડી હતી અને તેઓ ગાળો બોલતા હતા અને તેવું કહેતા હતા કે આજે તમને જાનથી મારી નાંખીશ, જમીનમાં કેમ ભાગ આપતા નથી તેમ કરીને ઝગડો કરેલો અને તેઓ નજીક પહોંચ્યા ત્યારે તેમની સાથે આવી ગયેલા અને તેમની પાછળ પડયા જેથી

તેઓ ડુંગર ઉપર જતા રહેલા અને ઘેર આવીને જોયું તો માથાના પાછળના ભાગે અને પાછળના પીઠના ભાગે વાગેલાના નિશાન હતા.

**૨૪.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેમના કથન મુજબ આરોપીઓ તેમની પાછળ દોડેલા જેથી તેઓ ડુંગરા ઉપર જતા રહેલા. જયારે ફરીયાદી તથા સાહેદ પ્રવિણભાઈ જણાવે છે કે, તેઓ તેમના ઘરે પાછા આવતા રહેલા. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ત્યારબાદ તેઓએ ઘરે આવીને જોયેલ તો તેમના પતિને માથાના પાછળના ભાગે અને પીઠના ભાગે વાગેલાનું હતું. જયારે ફરીયાદી અને સાહેદ પ્રવિણ ભાઈ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેમના પિતાને જે વાગેલ તે સવારે જોયેલું. આમ આ સાહેદોના પુરાવામાં પણ મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં આ સાહેદ તેમની બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, પ્રવિણ તેમના ઘરેથી ટીંટોઈ ગયેલો, પ્રવિણ સવારે છ વાગે ટીંટોઈ વાગે ગયેલો તે એકલો ગયેલો અને બચુભાઈ ઘરે હતા અને પ્રવિણ પોલીસની સાથે સવારે આઠ નવ વાગે આવેલો. જયારે સાહેદ પ્રવિણભાઈ મંગળાભાઈ તેમની આંક–૭૬ની જુબાનીમાં જણાવે છે કે, ફરીયાદ કરવા પોલીસ સ્ટેશને સવારે નવ વાગે ગયેલા અને ફરીયાદ આપવા બચુભાઈ અને તેઓ ગયેલાનું જણાવે છે. જયારે આ સાહેદણ તેમનો દિકરો પ્રવિણભાઈ છ વાગે ટીંટોઈ ગયેલો અને તે એકલો ગયેલો, બચુભાઈ ઘરે હતા. વધુમાં ફરીયાદી તથા સાહેદ :પ્રવિણભાઈ આરોપીઓની બીકના

કારણે તેમના ઘર તરફ નાઠેલા, જયારે આ સાહેદ ડુંગર તરફ જતા રહેલાનું જણાવે છે. આમ આ સાહેદની જુબાનીમાં અને ફરીયાદી તથા સાહેદ પ્રવિણ ભાઈની જુબાનીમાં પણ વિરોધાભાસ જણાય આવે છે.

**૨૫).** ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ: રણજીતભાઈ મંગળાભાઈ કોટવાળ ને આંક–૮૯ થી તપાસવામાં આવેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવે છે કે, મરણ જનાર તેમના પિતા થાય છે. બનાવ સમયે તેઓ તેમની બહેન પુષ્પાબેનના ઘરે પંચાલ ગામે ગયેલા હતા અને ત્યાંથી તેમના બનેવી દિનેશભાઈ અને તેઓ હિંમતનગર મજુરીએ ગયેલા અને તે વખતે તેમના મોટાભાઈ બચુભાઈનાઓએ તેમની બનેવી દિનેશભાઈને ફોન ઉપર જાણ કરેલી કે મંગળાભાઈને કાકા કનુભાઈ તથા રાકેશભાઈનાઓએ મારી નાંખેલ છે તેવું જણાવતા તેઓ હિંમતનગરથી તેમના ઘરે આવેલા અને તે વખતે તેમના ભાઈએ જણાવેલ કે તેમના પિતાને કાકા કનુભાઈ તથા રાકેશભાઈનાઓએ છરા તથા લાકડીઓ વડે ઈજાઓ કરી મારી નાંખેલ છે.

**૨૫.૧)** આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી. બનાવ સમયે તેઓ હિંમતનગર મુકામે હતા.વધુમાં આ સાહેદે સ્વીકારેલ છે કે, તેમના ભાઈએ કહેલુ તે મુજબ તેઓએ જવા લખાવેલો છે. આમ આ સાહેદનો પુરાવો કર્ણોપકર્ણ પુરાવો છે. જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી.

**૨૬).** ફરીયાદપક્ષના સાહેદ: સુચિતકુમાર ધર્મેશકુમાર સગર, આંક –૯૦ ની જુબાનીમાં જણાવે છે કે, દિપીકાબેન પુરૂષોત્તમ મકવાણા કુડોલ ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. પરંતુ તેઓ માતૃત્વ રજા ઉપર હોઈ તા:૧૪–૦૮–૨૦૧૭ થી રોજ તેઓના ચાર્જમાં હોઈ તેઓ તેમના બદલે જુબાની આપવા આવેલ છે. તેઓ તેમની સાથે મોજે કુડોલ ગ્રામ પંચાયતમાં આવેલ ખાતા નં.૪૧૮ સર્વે નં.૫૬૫ તથા ૩૭૭ ના ૭/૧૨, ૮–અ ના ઉતરા કોમ્પ્યુટર જનસેવા કેન્દ્ર, મામલતદાર કચેરી મોડાસાથી કઢાવી લાવેલ છે અને તેમાં આરોપીના પિતા કોટવાલ ગલાજી નાંનાજી તેમજ સહ હિસ્સેદારોના નામ ઉતારામાં માલીક તરીકે દર્શાવેલ છે. તે ઉતારા આંક–૯૧ થી રજુ કરેલ છે.

**૨૬.૧)** આ સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓએ જે દસ્તાવેજો રજુ કરેલા છે તેની જાત માહિતી નથી અને તેઓએ જમીન જોયેલ નથી અને જમીન અંગે જાત માહિતી નથી. આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ આરોપીઓના પિતાની તથા સહ હિસ્સોદારોની માલીકીની જમીન આવેલ તેના ઉતારા રજુ કરેલ છે. જેથી આ સાહેદના પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો ફલીત થતો નથી.

**૨૭).** ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ જગદીશસિંહ શંકરસિંહ ડાભી ને આંક–૯૨ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં

જણાવેલ છે કે, સને ૨૦૧૫ ના વર્ષમાં સર્કલ ઓફીસર ઈન્ચાર્જ તરીકે મોડાસા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા હતા ત્યારે તેમની ફરજ દરમ્યાન પો.સ.ઈ.શ્રી મોડાસા રૂરલનાઓએ (।) ગુ.ર.નં.૪/૧૫, ઈ.પી.કો. કલમ–૩૦૨,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના કામે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે લેખતીમાં જણાવતાં તેઓએ તા:૩૦–૦૯–૨૦૧૫ ના રોજ  ગુનાવાળી જગ્યાએ જઈ નકશો બનાવેલ તે નકશો આંક–૯૩ થી તથા પંચનામું આંક–૯૪ થી રજુ કરેલ છે.

**૨૭.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં સૌ પ્રથમ તો એ હકીકતનો ખાસ નોંધ લેવા જેવી છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ તા:૦૮–૦૧–૨૦૧૫ ના રોજ બનેલો છે અને આ સાહેદે બનાવવાળી જગ્યાનો નકશો તા:૩૦–૦૯–૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ છે. આમ બનાવ બન્યા બાદ લગભગ સાડા આઠ માસ બાદ નકશો કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં આટલા વિલંબ બાદ નકશો કરવામાં આવે તો બનાવવાળી જગ્યાની  પરિસ્થિતી બદલાઈ જાય. વધુમાં આ સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પંચનામામાં ખેતરનો સર્વે નંબર અને મકાનનો મિલ્કત નંબર કેટલા અંતરે બધુ આવે તે હકીકત જણાવેલ નથી. એટલું જ નહીં કયા સર્વે નંબરમાં બનાવ બનેલો છે તે હકીકત નકશામાં દર્શાવેલ નથી. આમ જયારે આ સાહેદ ધ્વારા નકશો આટલા લાંબા સમય બાદ કરવામાં આવેલ હોય ત્યારે બનાવની જગ્યાની પરિસ્થિતી બદલાઈ

ગયેલ હોય તેવા સંજોગોમાં આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને ઉપયોગ થતો નથી.

**૨૮).** ફરીયાદપક્ષ દ્વારા મરણજનાર મંગળાભાઈની લાશના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ: ભેમાભાઈ ધુળાભાઈ પુજારા, બીજા પંચ સાહેદ ચંદનસિંહ તખતસિંહ સિસોદીયાને અનુક્રમે આંક–૧૫ તથા આંક–૧૭ થી તપાસવામાં આવેલા છે આ બંને સાહેદો આંક–૧૬ ના ઈન્કવેસ્ટ પંચનામાની વિગતોને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. જેથી તેમનો પુરાવો ફરીયાદપક્ષના કેસને ઉપયોગી થતો નથી.

**૨૮.૧)** તેવી જ રીતે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ: મહેન્દ્રભાઈ લાલાભાઈ તરાર તથા બીજા પંચ સાહેદ:અરવિંદભાઈ બબાભાઈ તરારને અનુક્રમે આંક–૨૯ થી તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદો પણ ગુનાવાળી જગ્યાના આંક–૨૦ ના પંચનામાને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આમ જયારે પંચ સાહેદો દ્વારા ગુનાવાળી જગ્યા ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ના હોય ત્યારે બનાવ બનેલાની હકીકત પણ શંકાસ્પદ બની જાય છે.

**૨૮.૨)** ફરીયાદપક્ષ દ્વારા મરણ જનારની લાશ ઉપરના કપડાં કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ: કાળાજી સોનાજી ખાંટ તથા બીજા પંચ સાહેદ: પરથીજી કાળાજી ખાંટને અનુક્રમે આંક–૩૬ તથા આંક–૪૨ થી

તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદો આંક–૩૭ ના મરણ જનાર ની લાશ ઉપરથી કપડાં કબજે કર્યાના પંચનામાનાની હકીકતને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આ પંચ સાહેદોથી મરણ જનારની લાશ ઉપરથી કપડાં કબજે કર્યાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**૨૯).** ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓની શરીર સ્થિતીના પંચનામાના પંચ સાહેદ: કટારા સુરજીભાઈ થાનાભાઈને આંક–૬૩ થી તપાસવામાં આવેલા છે. તેઓને તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા:૧૦–૦૧–૨૦૧૫ ના રોજ મોડાસા રૂરલ પો.સ્ટે.માં બોલાવેલા અને અગાઉના દિવસે તેમના ગામમાં ખુન થયેલ તે કામે કપડાં કબજે લીધેલા અને તેનું પંચનામું કરેલ તે વખતે આરોપીઓએ કપડાં રજુ કરેલ તેનું પંચનામું કરેલું અને તેમાં તેઓને સહી કરેલી તે પંચનામું આ કામે આંક–૬૪ થી રજુ કરેલ છે.

**૨૯.૧)** આ પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ સ્વીકારેલ છે કે આરોપીઓ અને ફરીયાદી એક જ જ્ઞાતિના છે. વધુમાં સ્વીકારેલ છે કે, આરોપીઓએ જે કપડાં રજુ કરેલા તેમાં લોહીના કોઈ ડાઘા ન હતા. આ તબકકે એ હકીકતની નોંધ લેવા જેવી છે કે, બનાવ વખતે આરોપીઓએ પહેરેલ કપડાં પોલીસે કબજે કરેલ છે તેના ઉપર લોહીના ડાઘ જણાયેલા નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી કનુભાઈ ગલજીભાઈ કોટવાળનાઓએ મરણ જનાર મંગળાભાઈ ગલજીભાઈને છરા

વડે એક કરતાં વધારે ઘા કરેલા છે અને તે શબ પરીક્ષણ રીપોર્ટમાં જણાવવામાં આવેલા છે. પરંતુ આરોપી કનુભાઈએ જે હથીયાર વડે એટલે કે છરા વડે જે ઘા કરવામાં આવેલ છે અને છરાની સાઈઝ આશરે ૧૯.૪ સે. મી.ની લંબાઈનો છે અને તેને હાથમાં પકડીને ઘા કરવામાં આવે તો સ્વાભાકિ રીતે જે વ્યકિત ધ્વારા ઘા કરવામાં આવે તો તેના શરીર ઉપર અને કપડાં ઉપર લોહીના છાંટા પડે. પરંતુ આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ મરણ જનાર મંગળાભાઈને છરા વડે ઈજાઓ કરનાર કનુભાઈ ગલજીભાઈ કોટવાળના કપડાં કબજે કરવામાં આવેલા છે તે કપડાં ઉપરથી કોઈપણ પ્રકારની લોહી ડાઘ મળી આવેલાનું જણાય આવતું નથી. તેવા સંજોગોમાં બનાવ સમયે હાલના આરોપીઓ ધ્વારા ઈજાઓ કરવામાં આવેલ છે કે કેમ? તે હકીકત પણ શંકાસ્પદ બની રહે છે.

**૩૦).** ફરીયાદપક્ષ ધ્વારા ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ: વણકર લાલાભાઈ દાનાભાઈ તથા બીજા પંચ સાહેદ: વિજયકુમાર જીવાભાઈ રજવાડીને અનુક્રમે આંક–૭ર તથા આંક–૭પ થી તપાસવામાં આવેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને મોડાસા રૂરલ પોલીસે જીવણપુર પાટીયા પાસે બોલાવેલા અને તેમની બે સહીઓ કરાવેલી. તે સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી. આ સાહેદો માત્ર પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે તે પંચનામું આંક–૭૩ થી રજુ

કરેલ છે. આમ આ સાહેદ આંક–૭૩ ના પંચનામાની વિગતોને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે.

**૩૦.૧)** આ પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતાં બંને સાહેદોએ બપાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમની હાજરી માં કોઈ છરો રજુ કરેલ નથી. પરંતુ આ તબકકે એ હકીકતની નોંધ લેવા જેવી છે કે, તપાસ કરનાર અમલદાર ધ્વારા ડીસ્કવરી પંચનામું કરવામાં આવેલ છે તે તા:૧૦–૦૧–૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ છે અને તે પંચનામા મુજબ આરોપી કનુભાઈ ગલજીભાઈએ ડુંગર ઉપર પથ્થરોમાં સંતાડેલો છરો કાઢી બતાવામાં પંચોની હાજરીમાં કબજે કરેલાનું જણાવેલ છે. જયારે આ કામે ફરીયાદી:બચુભાઈ મંગળાભાઈ કોટવાળ તથા તેમના ભાઈ સાહેદ: પ્રવિણભાઈ મંગળાભાઈ કોટવાળને અનુક્રમે આંક–૫૨ તથા આંક–૭૬ થી તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમની જુબાનીમાં <u>છરો ખેતરમાં આંબાની નજીક પડેલ હતો અને તેમના પિતા પડેલા હતા ત્યાંથી છરો સો ફુટ દુર પડેલો હતો અને ફરીયાદ આપી તે જ દિવસે તેઓએ પોલીસને છરો બતાવેલો અને પોલીસ છરો લઈ ગયેલી.</u> આમ મુદ્દામાલ છરો કબજે કર્યાનું આંક–૭૩ ના પંચનામામાં તથા ફરીયાદી તથા સાહેદના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે.તેવા સંજોગોમાં આંક–૭૩ થી પંચનામું શંકાસ્પદ બની જાય છે.

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

**૩૧).** ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ ક્રિષ્ણાબેન સુરેન્દ્રસિંહ ચૌહાણ ને આંક–૯૦ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તા:૦૯–૦૧–૨૦૧૫ ના રોજ મોડાસા રૂરલ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી બચુભાઈ મંગળાજી કોટવાળનાઓએ પો.સ.ઈ.શ્રી મોડાસા રૂરલની રૂબરૂની ફરીયાદ ગુનો રજીસ્ટર થવા સારૂ આવતાં ફરીયાદ મુજબનો ગુનો રજીસ્ટર કરેલો અને તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલી તે સ્ટેશન ડાયરીનો ઉતારો આંક–૯૮ થી રજુ કરેલ છે.

**૩૧.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ સ્વીકારેલ છે કે ફરીયાદ દાખલ કરવાનું પી.એસ.આઈ. જે.આર.ઝાલાએ કહેલું, તે ફરીયાદ તેઓએ ૧૪/૩૦ વાગે નોંધેલી. વધુમાં સ્વીકારેલ છે કે એ બનાવના અરસામાં દિનેશભાઈ કોટવાળ રૂરલ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા. આમ આ સાહેદે તેમજ ફરજના ભાગરૂપે ફરીયાદ મુજબનો ગુનો રજીસ્ટર કરેલો તે સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

**૩૨).** ફરીયાદપક્ષ ધ્વારા તપાસનીસ અધિકારી સાહેદ: જોરાવરસિંહ રણતજીતસિંહ ઝાલાને આંક–૧૦૦ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા:૦૯–૦૧–૨૦૧૫ ના રોજ મોડાસા રૂરલ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા, ત્યારે પી.એસ.ઓ. વુ.હે.કો. ક્રિષ્ણાબેનનાઓએ ટેલીફોનથી વાત કરી જણાવેલ કે, ઘાંટા વસવાટ કુડોલ

ગામના બચુભાઈ મંગળાભાઈ કોટવાલનાઓએ ટેલીફોન કરી જણાવેલ કે, તેના પિતા મંગળાભાઈ ગલજીભાઈ કોટવાળાને તેમના કાકા કનુભાઈ ગલજીભાઈ, તેમના કાકી તારાબેન તથા તેમના કાકાના દિકરી રાકેશભાઈ નાઓએ માર મારી મોત નીપજાવેલ છે અને તેમના પિતાની લાશ ઘાટા વસવાટ ગામની સીમમાં પડેલ છે. જે વર્ધીના આધારે બનાવવાળી જગ્યાએ જઈ ફરીયાદીના લખાવ્યા મુજબ તેમની રૂબરૂમાં ફરીયાદ લખી લીધેલી અને ગુનો રજીસ્ટર થવા સારૂ મોડાસા રૂરલ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરફ મોકલી આપેલી અને ગુનો રજીસ્ટર થયા બાદ આગળની તપાસ તેઓને સોંપેલી. ત્યારબાદ તપાસ સંભાળી લઈ મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલું, લાશને શબ પરીક્ષણમાટે મોકલી આપેલી, લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા, મુદ્દામાલ કબજે કરી તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપેલ, આરોપીઓ મળી આવતાં અટક કરેલા અને તેમની શરીર સ્થિતીના પંચનામા કરેલા, ડીસ્કવરી પંચનામું કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જસીટ કરેલું.

**૩૨.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં આ સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓને ટેલીફોનથી વર્ધી આવેલી તે આવ્યા અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલો નથી, તેઓ ગુનાવાળી જગ્યાએ બાર થી સવા બાર વાગે બપોરે પહોંચી ગયેલા, તે જગ્યાએ તેઓના પહેલાં કોઈ પહોંચેલું નહીં, તેઓની સાથે તેમના સ્ટાફના માણસો હતા.

આ સાહેદના પુરાવા મુજબ તેઓ બનાવ સ્થળે પહોંચ્યા તે પહેલાં કોઈ પહોંચેલું નહીં. પરંતુ ફરીયાદપક્ષના સાહેદ: પ્રવિણભાઈ મંગળાભાઈ કોટવાળ, આંક–૭૬ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, પોલીસ સવારે દશ વાગે આવેલી. વધુમાં જણાવેલ છે કે, દિનેશભાઈ કોટવાળ ટીંટોઈ આઉટ પોલીસ સ્ટેશનથી સાથે તેઓ ઘરે આવેલા અને દિનેશભાઈ કોટવાળ તેઓ ટીંટોઈથી પહોંચ્યા તે પહેલાં સ્થળ ઉપર પહોંચી ગયેલા અને તેઓ મોટર સાયકલ ઉપર આવેલા અને દિનેશભાઈ જોડે બીજા કોન્સ્ટેબલ મોહનસિંહ સાથે આવેલા અને મોહનભાઈ બનાવવાળી જગ્યાએ આશરે સાડા અગીયારની વચ્ચે આવેલા. આમ આ સાહેદના પુરાવા મુજબ પો.સ.ઈ. શ્રી જે.આર.ઝાલા સ્થળ ઉપર પહોંચેલા તે પહેલાં ટીંટોઈ આઉટ પો.સ્ટે.માંથી જમાદાર પહોંચી ગયેલા છે. આમ આ બંને સાહેદો વચ્ચે પણ વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં આ સાહેદે સ્વીકારેલ છે કે, નજરે જોનાર ફરીયાદના ઘરના માણસો છે તે સિવાય બીજા કોઈ ત્રાહીત માણસો નથી. આ સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, છરો તા:૦૯–૦૧–૨૦૧૫ ના રોજ ફરીયાદી તથા સાહેદોએ બતાવેલ છે અને તે કબજે કરેલ છે અને તેનું પંચનામું જાણી જોઈને કરેલું નથી. પરંતુ આ તબકકે એ હકીકતની નોંધ લેવા જેવી છે કે, ફરીયાદી તથા સાહેદ પ્રવિણભાઈ કોટવાળે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ''છરો ખેતરમાં આંબાની નજીક પડેલ હતો અને તેમના પિતા પડેલા હતા, ત્યાંથી છરો સો ફુટ દુર પડેલો હતો અને ફરીયાદ આપી તે જ દિવસે તેઓએ પોલીસ

ને છરો બતાવેલો અને પોલીસ છરો લઈ ગયેલી.'' આમ ફરીયાદી તથા સાહેદના પુરાવા મુજબ જયારે પોલીસ તા:૦૯–૦૧–૨૦૧૫ ના રોજ મુદ્દામાલ છરો પોલીસે લઈ ગયેલાનું જણાવેલ છે. જયારે તપાસ કરનાર અમલદારે તા:૧૦–૦૧–૨૦૧૫ના રોજ આંક–૨૭ મુજબનું ડીસ્કવરી પંચનામું કરીને મુદ્દામાલ છરો કબજે કરેલાનું જણાવેલ છે. આમ મુદ્દામાલ છરો કબજે કર્યા બાબતે પણ મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં આ સાહેદે સ્વીકારેલ છે કે, આ કામે સાહેદોએ વાપરેલ બેટરીઓ સાહેદો પાસેથી કબજે કરેલી નથી. વધુમાં આ તબકકે એ હકીકતની પણ નોંધ લેવા જેવી છે કે, બનાવ બાબતે ફરીયાદીના ઘરના સભ્યો કે જેઓ રસ ધરાવતા સાહેદો છે તેઓના સિવાય બીજા કોઈના નીવેદનો લેવામાં આવેલા નથી. આમ સાહેદે તેઓની ફરજના ભાગરૂપે કામગીરી કરેલ છે.

**<u>મુદ્દા નં.૩</u>**

**૩૩).** આ કામના આરોપીઓ સામે મરણ જનાર મંગળાભાઈ ગલજીભાઈ કોટવાળને છરા વડે તથા લાકડીઓ વડે માર મારી ઈજાઓ મારી બિભત્સ ગાળો બોલી સુલેહ શાંતિનો ભંગ કર્યા સબબનો આક્ષેપ છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં પ્રથમ આ અદાલત ધ્વારા એ હકીકત નકકી કરવાની હોય છે કે, આરોપીઓએ સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપેલ

હોય તેમજ ભયભીત કરવાના ઈરાદાથી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ છે કે કેમ? તે સૌ પ્રથમ નકકી કરવું પડે.

**૩૩.૧)** હાલના કેસમાં પણ ફરીયાદી અને આરોપીઓને જમીન બાબતે તકરાર ચાલતી હોય આરોપીઓ ભેગા મળી મરણ જનાર મંગળાભાઈને છરાથી લાડકીઓની મારી ઈજાઓ મોત નીપજાવેલાનો આક્ષેપ છે. જયારે આરોપીઓએ ગુનાહીત કૃત્ય કરી મરણ જનાર મંગળાભાઈ નાઓને માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાંખીશું તેમ કહી બિભત્સ ગાળો બોલેલાનું જણાવેલ છે. પરંતુ રેકર્ડ પર જણાય આવેલ નથી કે, આરોપીઓએ એવા શબ્દો ઉચ્ચારેલ હોય અને જેના કારણે ફરીયાદી તથા સાહેદો ઉશ્કેરાઈ જઈ સુલેહ શાંતિનો ભંગ કરે. આ કામે ફરીયાદી અગર તો અન્ય કોઈ સાહેદને આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ઈરાદાપુર્વક ઉશ્કેરણી જનક શબ્દો બોલેલા હોય અને તેના કારણે ફરીયાદી અગર તો સાહેદોને ઉશ્કેરાટનું કારણ મળે તેવો ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં તથા ફરીયાદીની ફરીયાદ હકીકત જોતાં પુરવાર થતું નથી.

**૩૩.૨)** વધુમાં આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨)ના આવશ્યક તત્વો જોવામાં આવે તો,

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

(૧) આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલ્કત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હીત ધરાવતી વ્યકિત હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

(૨) આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનુની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલ્કતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

હાલના કેસમાં આરોપીઓએ ફરીયાદીને અગર તો સાહેદો ને ભયભીત કરે તેવી કોઈ ધમકી આપેલ નથી. બનાવ સમયે ફરીયાદી તથા સાહેદો બનાવના સ્થળથી દુર હતા ફરીયાદી બનાવના બીજા દિવસે બનાવની ફરીયાદ આપેલી છે અને બનાવ બન્યા બાદ આરોપી ટીંટોઈ આઉટ પોસ્ટમાં ગયેલા અને તેઓએ તેમના ગામમાં ઘરે ઘરે જઈ બનાવની ગામ લોકોને જાણ કરેલ છે. આમ આરોપીઓએ ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદે કૃત્ય કરવા અથવા કાનુની અધિકારી હોય તેવું કૃત્ય ન કરે તેવા ઈરાદાથી ધમકીઓ આપેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ

આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનું ફરીયાદપક્ષ સ્પષ્ટપણે પુરવાર કરી શકેલ નથી. જેથી **મુદ્દા નં. ૩** નો જવાબ તે રીતે **નકારમાં** આપુ છું.

**<u>મુદ્દા નંબર: ૪</u>**

**૩૪).** ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવામાં આંક–૧૦૯ થી મુંબઈ પોલીસ અધિનિયમન–૧૯૫૧ની કલમ–૩૭(૩) જાહેરનામું તપાસ કરનાર અમલદારની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન રજુ કરવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં ફરીયાદ તથા સાહેદોએ તેમના પુરાવામાં મુદ્દામાલ છરો તા:૦૯–૦૧–૨૦૧૫ ના રોજ પોલીસ આવેલ તે વખતે મરણ જનારની લાશ પડી હતી ત્યાં સોએક ફુટ દુર છરો પડેલ હતો તે પોલીસને ફરીયાદીએ બતાવેલ અને તે છરો પોલીસ તે જ દિવસે લઈ ગયેલ છે. જયારે તપાસ કરનાર અમલદાર ધ્વારા મુદ્દામાલ કબજે કરવા માટે ડીસ્કવરી પંચનામું આંક–૭૩ થી કરવામાં આવેલ છે તે તા: ૧૦–૦૧ –૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ છે અને તે મુદ્દામાલ છરો આરોપી નં.૧ કનુભાઈ ગલજીભાઈએ ડુંગર ઉપર પથ્થરોમાંથી કાઢી આપેલાનું જણાવેલ છે. આમ મુદ્દામાલ કબજે કર્યા બાબતે પણ મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષ ધ્વારા સાહેદને તપાસીને આંક–૧૦૯ વાળું જાહેરનામું પુરવાર કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ

ધ્વારા આંક–૧૦૯ નું હથીયાર બંધીનું જાહેરનામું પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય **મુદ્દા નંબર:૪** નો જવાબ **નકારમાં** ફરમાવું છું.

**૩૫).** આમ ઉપરોકત સમગ્ર પુરાવાની ચર્ચા કર્યા મુજબ સૌ પ્રથમ મરણજનાર મંગળાભાઈ ગલજીભાઈ કોટવાળને થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાં ની હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ મરણજનારને આરોપીઓએ રાતના આઠેક વાગ્યાના સુમારે ઈજાઓ કરી મોત નીપજાવેલ છે.

**<u>પરંતુ આ તબકકે એ હકીકતનો નોંધ લેવા જેવી છે કે :</u>**

➔ ફરીયાદી તથા સાહેદ તેમજ મરણ જનારના પત્ની તેમના કથન મુજબ મરણ જનાર મંગળાભાઈ ને આરોપીઓ છરા તથા લાકડી વડે ઈજાઓ કરી મોત નીપજાવેલ છે. પરંતુ આ કામે આરોપી નં.૧ કનુભાઈ ગલજીભાઈ કોટવાળે મરણ જનારને છરા વડે ઈજાઓ કરેલ છે. પરંતુ છરો આશરે ૧૯.૪ સે. મી. લંબાઈના ધાતુના ફળવાળો તથા આશરે ૧૦ સે. મી. લંબાઈના ધાતુના હાથાવાળો છે અને તેનાથી મરણ જનારને ઈજાઓ કરવામાં આવે તો સ્વાભાવિક રીતે જ આરોપી નં.૧ કનુભાઈ ગલજીભાઈના કપડાં ઉપર લોહીના ડાઘ પડે. પરંતુ આરોપી નં.૧ ના કપડાં પોલીસે પંચનામાની વિગતે કરેલા છે અને તેમાં આરોપી નં.૧ ના કપડાં ઉપર રૂધિરની હાજરી મળી આવેલ નથી.

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

➔ વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ તપાસ કરનાર અમલદારે મુદ્દામાલ છરો કબજે કર્યાનું તા:૧૦–૦૧–૨૦૧૫નું આંક–૭૩ ના પંચનામા મુજબ આરોપી નં.૧ નાએ મુદ્દામાલ છરો ડુંગર ઉપર પથ્થરમાં કાઢી બતાવી રજુ કરેલ છે. જયારે ફરીયાદી તથા સાહેદ પ્રવિણભાઈએ તેમના પુરાવામાં તેઓએ પોલીસને તા:૦૯–૦૧–૨૦૧૫ ના રોજ છરો ખેતરમાં આંબાની નજીક પડેલ હતો અને તેમના પિતા પડેલા હતા ત્યાંથી છરો સો ફુટ દુર પડેલો હતો અને ફરીયાદ આપી તે જ દિવસે તેઓએ પોલીસને છરો બતાવેલો અને પોલીસ છરો લઈ ગયેલી. આમ તપાસ કરનારના પુરાવામાં તેમજ ફરીયાદી તથા સાહેદોના પુરાવામાં મુદ્દામાલ છરા બાબતે પણ શંકાસ્પદ હકીકત ફલીત થાય છે.

➔ એટલું જ નહીં ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદીના પિતાને રાત્રીના આઠ વાગ્યાના સુમારે મારી ઈજાઓ કરી મોત નીપજાવેલાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદી તથા સાહેદ ટીંટોઈ ઓ.પી.ના જમાદાર ને ઓળખે છે અને તેઓની પાસે તેમનો નંબર હોવાનું પણ સ્વીકારેલ છે, તેમ છતાં ફરીયાદી તથા સાહેદો રાત્રીના સમયે કોઈને પણ ફોન કરી જાણ કરેલ નથી. બનાવ આઠેક વાગ્યાની આસપાસ બનેલો છે તેમછતાં ફરીયાદી તથા સાહેદોએ તેમના ગામના લોકોને પણ જાણ કરવાની દરકાર કરેલ નથી અને ફરીયાદી તથા સાહેદ વિગેરનાઓ પોલીસના આવ્યા બાદ તેઓ

બનાવવાળી જગ્યાએ ગયેલા છે. તે તમામ હકીકતો પણ શંકાસ્પદ બની રહે છે.

➔ વધુમાં આ કામે આંક–૧૦૩ તથા આંક–૧૦૪થી એફ.એસ. એલ.નો રીપોર્ટ રજુ થયેલ છે તે ધ્યાને લેતાં ફરીયાદપક્ષના કેસ મુજબ ગુનામાં વપરાયેલ લાકડીઓ તથા છરો એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે તેમાં લાકડી નમુના: ''**ઈ**'' તથા છરો નમુના: ''**આઈ**'' ઉપર માનવ રૂધિર '"O" ગ્રુપની હાજરી મળી આવેલ છે અને જયારે મરણ જનારના રૂધિરનું સેમ્પલ લેવામાં નમુના:''**એસ**''થી લેવામાં આવેલ છે. જેમાં એફ. એસ.એલ.ના રીપોર્ટ મુજબ રૂધિરનું જુથ ''**ડિસઈન્ટીગ્રેટેડ બ્લડ**'' જણાવેલ છે. તેવા સંજોગોમાં મરણ જનારનું રૂધિર કયા જુથનુ હતું તે હકીકત પણ પુરવાર થઈ શકેલ નથી. તેવા સંજોગોમાં એફ.એસ.એલ.ના રીપોર્ટથી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતું નથી.

**૩૬).** ફરીયાદપક્ષ તરફથી આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં આવેલ છે તે વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર અને માની શકાય તેવો રજુ કરવામાં આવેલ નથી. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બનાવ નજરે જોનાર સાહેદોના પુરાવા સાથે તબીબી પુરાવા મુજબ બંને તબીબ સાહેદોની શૈક્ષણીક લાયકાત સમાન છે અને આંક–૧૩૬ ના સાહેદ તેમની જુબાનીમાં પી.એમ. કરનાર ડોકટર શ્રીએ શબ ઉપર થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાંની છે કે મૃત્યુ પછીની છે તે બાબતે તપાસણી કરી

પી.એમ. નોટમાં નોંધ કરવી જોઈએ. વધુમાં આ સાહેદ એ વાતથી સંમત છે કે, ડો.પરીખે તેમના પુસ્તકમાં ઈજાઓ મૃત્યુ પહેલાંની છે કે મૃત્યુ પછીની તેના તારણ માટે Microscopic examination, Histochemical Method, Biochemical method થી તપાસ કરવાનું હોય છે તેવું લખેલ છે અને પી.એમ. કરતી વખતે ડોકટરશ્રી કાચી નોંધ લખતા હોય છે અને પી.એમ. થયા બાદ પી.એમ.નોટના કોલમમાં વિગતો નોંધતા હોય છે. આમ આ બંને તબીબ સાહેદો નિષ્ણાત છે અને બંનેની શૈક્ષણીક લાયકાત સમાન છે. તેવા સંજોગોમાં આંક–૧૦ ના તબીબ સાહેદ: ડો. મૌલીકભાઈએ તેમની બચાવપક્ષની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પી.એમ. વખતે Microscopic examination, Histochemical Method, Biochemical method થી તપાસ કરેલ નથી. આમ શબ પરીક્ષણના કોલમ નં.૧૮ (ક) મૃત્યુ પહેલાંની ઈજાઓ કઈ હતી તે અંગેની નોંધ કરેલ નથી, તેવી હકીકત સ્વીકારેલ છે. તેવા સંજોગોમાં મરણ જનાર મંગળાભાઈ ગલજીભાઈ કોટવાળને થયેલી ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી કે મૃત્યુ પછીની હતી, તે હકીકત શંકાસ્પદ બની જાય છે. જેથી ફરીયાદ પક્ષે મંગળાભાઈ ગલાભાઈ કોટવાળના મૃત્યુ સબંધે મૃત્યુ એ સાપરાધ મનુષ્ય વધ છે તેવી હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ તેમજ ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીઓએ મરણ જનારને ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવેલ હોય તેવી હકીકત પણ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર

કરવામાં નિષ્ફળ રહેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો તટસ્થ અને હકારાત્મક પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ ના હોય ત્યારે આરોપીઓની ગુનાહીત ફોજદારી જવાબદારી નકકી થઈ શકે નહીં. આમ ફરીયાદપક્ષ તરફથી પુરાવાની ક્રમબધ્ધ અને તમામ કડીઓ શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**૩૭).** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીઓની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપીઓ સામેનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલો છે. એ સ્થાપિત છે કે, ફરીયાદ પક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશાં તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર બને છે. તેવા સંજોગોમાં આરોપીઓ ફોજદારી ગુના માટે જવાબદાર હોવાનું માની શકાય નહીં. જેથી **મુદ્દા નંબર:૧, ૨, ૩** તથા **૪** નો જવાબ **નકારમાં** આપું છું અને **મુદ્દા નંબર: ૫** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **<u>આ ખ રી હુ ક મ</u>** //

આ કામના આરોપી:(૧) કનુભાઈ ગલજીભાઈ કોટવાળ,(૨) રાકેશભાઈ કનુભાઈ કોટવાળ તથા (૩)તારાબેન W/O કનુભાઈ ગલજીભાઈ કોટવાળનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫ (૧) અન્વયે ભારતીય દંડ

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

સંહિતાની કલમ–૩૦૨,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓના બેઈલ બોન્ડ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓ હાલ જેલ મુકત હોય દરેક આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭(એ)ના સુધારા મુજબ નામદાર હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા સબંધે હુકમની તારીખથી દિન–૩ (ત્રણ) માં રૂા.૫,૦૦૦–૦૦ (અંકે પાંચ હજાર પુરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

હુકમ આજ તારીખ:**૧૫મી** માહે **નવેમ્બર** સને **૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મોડાસા (આર.એ.બુખારી–ઘોઘારી)
તા.૧૫/૧૧/૨૦૧૯ સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા.
(કોડ નં. જીજે ૦૦૯૧૬)

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા